નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper




સુરત બેઠક પરથી કોંગ્રેસને લાગ્યો મોટો ઝટકો, નિલેશ કુંભાણીનું ફોર્મ રદ કરાયું

જુઓ પેજ નં.૦૮

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :22 APRIL 2024 | MONDAY | Page : 20 | Year : 2 | Issue : 19 | Price: 2/-

# કોંગ્રેસ દેશની સંપત્તિ 'જેમના વધુ બાળકો' છે તેમને, ઘૂસણખોરોને વહેંચી દેશે : મોદી

## ચૂંટણી મેદાન છોડી ભાગનારા રાજસ્થાનથી રાજ્યસભામાં આવ્યા, વર્તમાન પરિસ્થિતિ માટે કોંગ્રેસ પોતે જ જવાબદાર

બાંસવાડા/જયપુરઃ કોંગ્રેસ ફરી સત્તા પર આવશે તો દેશની સંપત્તિ ઘૂસણખોરો અને જેમના વધુ બાળકો છે તેમને વહેંચી દેશે. કોંગ્રેસ દેશની મહિલાઓના સોનાનો હિસાબ કરીને તેને વહેંચવા માગે છે તેવો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર આક્ષેપ કર્યો હતો. પીએમ મોદીના ભાષણ સામે કોંગ્રેસે વાંધો ઉઠાવ્યો હતો અને કહ્યું કે, વડાપ્રધાન તેમના જુઠ્ઠાણા મારફત ફરી હિન્દુ-મુસ્લિમોમાં વિભાજન કરાવવા માગે છે.

રાજસ્થાનના બાંસવાડામાં એક રેલીને સંબોધન કરતા પીએમ મોદીએ કોંગ્રેસ પર હુમલો કર્યો હતો. કોંગ્રેસની માનસિક્તાને 'શહેરી નક્સલ' તરીકે ગણાવતા નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસે તેના ચૂંટણી ઢંઢેરામાં કહ્યું છે કે તેઓ માતાઓ-બહેનો પાસે રહેલા સોનાની ગણતરી કરશે, તેની માહિતી મેળવશે અને આ સંપત્તિનું વિતરણ કરી દેશે.

વર્ષ ૨૦૦૬માં તત્કાલિન વડાપ્રધાન મનમોહન સિંહે કરેલી ટીપ્પણીનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ જણાવ્યું કે, મનમોહન સિંહની સરકારે ભૂતકાળમાં કહ્યું હતું કે, આ દેશની સંપત્તિ અને સંશાધનો પર પહેલો અધિકાર મુસ્લિમોનો છે.



એટલે કે કોંગ્રેસ જીતશે તો દેશની સંપત્તિ એકત્રિત કરીને કોને વહેંચશે - જેમના વધુ બાળકો છે તેમને, ઘૂસણખોરોને વહેંચશે. કોંગ્રેસની આ અર્બન નક્સલ જેવી વિચારસરણી માતા-બહેનોના મંગળસૂત્ર પણ રહેવા નહીં દે.

પીએમ મોદીના આ ભાષણ સામે વાંધો ઉઠાવતા કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, વડાપ્રધાન મોદી હિન્દુ-મુસ્લિમો વચ્ચે નફરતના બીજ વાવી રહ્યા છે. દેશમાં પહેલા તબક્કાના મતદાન પછી નરેન્દ્ર મોદીનું જુઠ્ઠાણું વધુ નીચા તળીયે ગયું છે. નરેન્દ્ર મોદીનું આ ભાષણ તેમનામાં રહેલી હતાશા દર્શાવે છે. તેઓ હાર જોઈ ગયા હોવાથી હવે હિન્દુ-મુસ્લિમોમાં વિભાજન કરવા માગે છે. નરેન્દ્ર મોદીએ જયપુરમાં એક ચૂંટણી રેલીમાં રવિવારે કહ્યું કે, પહેલા તબક્કાના મતદાનમાં અડધા રાજસ્થાને કોંગ્રેસને સજા આપી છે. દેશ કોંગ્રેસને તેના પાપોની સજા આપી રહ્યો છે. જે પક્ષ એક સમયે ૪૦૦ બેઠકો જીતતો હતો તે આજે આ લોકસભા ચૂંટણીમાં ૩૦૦ બેઠકો પર લડવા અસમર્થ છે.

**વડાપ્રધાન હાર જોઈ ગયા હોવાથી હિન્દુ-મુસ્લિમોનું વિભાજન કરી તેમનામાં નફરતના બીજ વાવી રહ્યા છે : રાહુલ ગાંધી**

કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સોનિયા ગાંધી પર પરોક્ષ હુમલો કરતાં પીએમ મોદીએ કહ્યું કે, જે લોકો ચૂંટણી નથી લડી શકતા, ચૂંટણી જીતી નથી શકતા તેઓ મેદાન છોડીને ભાગી ગયા છે. આ વખતે તેઓ રાજસ્થાનમાંથી રાજ્યસભામાં આવ્યા છે. કોંગ્રેસની સ્થિતિ ખૂબ જ ખરાબ છે. ફેબ્રુઆરીમાં સોનિયા ગાંધી રાજસ્થાનમાંથી રાજ્યસભા ચૂંટણીમાં સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા છે.

# હવે ૬૫ વર્ષથી વધુના લોકો વીમા પોલિસી ખરીદી શકશે

નવી દિલ્હીઃ ભારતીય વીમા નિયામક અને વિકાસ સત્તાએ આખરે દેશના વૃદ્ધો માટે લાભદાયક નિર્ણય લીધો છે. ઈરડાઈએ વીમા પોલિસી ખરીદવા માટેની વય મર્યાદા હટાવી દીધી છે. વીમા નિયામકના આ નિર્ણયનો અમલ ૧ એપ્રિલ ૨૦૨૪ની પાછલી અસરથી શરૂ થઈ ગયો છે. સ્વાસ્થ્ય ક્ષેત્રે આ નિર્ણયના પગલે પરિવારમાં વૃદ્ધો માટે સ્વાસ્થ્ય વીમા પોલિસી લેવાનું શક્ય બનશે. અગાઉ ગ્રાહકો ૬૫ વર્ષથી વધુ વયની વ્યક્તિનો નવો સ્વાસ્થ્ય વીમો ખરીદી શકાતા નહોતા. સ્વાસ્થ્ય વીમો ખરીદવા પર મહત્તમ વય મર્યાદા દૂર કરીને ઈરડાઈનું લક્ષ્ય વધુ સમાવેશી અને એવી સુલભ સ્વાસ્થ્ય સારવાર ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવાનું છે, જે આકસ્મિક મેડિકલ ખર્ચ સામે રક્ષણ પૂરું પાડે છે.

ભારતીય વીમા નિયામક અને વિકાસ સત્તા (આઈઆરડીએઆઈ-ઈરડાઈ) દ્વારા જાહેર કરાયેલા એક નોટિફિકેશનમાં જણાવાયું હતું કે, વીમા કંપનીઓએ એ સુનિશ્ચિત કરવું પડશે કે તેઓ બધા જ વય જૂથ માટે સ્વાસ્થ્ય વીમા ઉત્પાદનો રજૂ કરે. અત્યાધુનિક ટેક્નોલોજી અને વિજ્ઞાનના અસાધારણ વિકાસના પગલે લોકોના જીવનધોરણમાં નોંધપાત્ર સુધારો આવ્યો છે તેમ જ લોકો લાંબુ જીવવા લાગ્યા છે. આવા સમયે ૬૫ વર્ષ પછીની વયે સ્વાસ્થ્ય વીમો ઘણો જ ઉપયોગી થઈ રહે છે.વીમા નિયામકના આ પગલાંનો આશય ભારતમાં વધુ સમાવેશી સ્વાસ્થ્ય સારવાર તંત્ર બનાવવું અને વીમા પૂરી પાડતી કંપનીઓને તેમના ઉત્પાદનોની રજૂઆતમાં વિવિધતા લાવવા માટે કટિબદ્ધ છે. ઈરડાઈએ સ્વાસ્થ્ય વીમા પૂરો પાડતી કંપનીઓને વિશેષ ડેમોગ્રાફી માટે અનુરૂપ નીતિઓ રજૂ કરવા અને તેમના દાવા તથા ફરિયાદોનો સામનો કરવા માટે સમર્પિત ચેનલ સ્થાપિત કરવાના પણ નિર્દેશ આપ્યા છે. આ નોટિફિકેશનમાં જણાવાયું છે કે, વીમા કંપનીઓએ દરેક વય જૂથ માટે સ્વાસ્થ્ય વીમા ઉત્પાદનો પૂરા પાડવાના રહેશે. વીમા કંપનીઓ વરિષ્ઠ નાગરિકો, વિદ્યાર્થીઓ, બાળકો, માતૃત્વ અને સક્ષમ ઓથોરિટી દ્વારા નિર્દિષ્ટ અન્ય કોઈપણ વય જૂથ માટે વિશિષ્ટ ઉત્પાદનો તૈયાર કરી શકે છે. આ સાથે વીમા કંપનીઓ માટે કોઈપણ પ્રકારની વર્તમાન તબીબી સમસ્યા ધરાવતા લોકો માટે પણ સ્વાસ્થ્ય વીમા પોલિસી પૂરી પાડવાનું ફરજિયાત બનાવાયું છે.વર્તમાન નોટિફિકેશન પછી વીમા કંપનીઓ કેન્સર, હૃદય અને એઈડ્સ જેવી ગંભીર બીમારીઓથી પીડિત દર્દીઓને પણ પોલિસી આપવાનો ઈન્કાર કરી શકાશે નહીં.



## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# સોશિયલ મીડિયાની લૂંટફાટ .




સોશિયલ મીડિયામાં આજકાલ દર્દ અને દરદીઓના નામે દાન મેળવવા માટેની અનેક ફેઈક જાહેરખબરો તરતી થઈ છે જેમાં અનેક લોકો દયા દાખવીને મૂર્ખ ઠરતા જોવા મળે છે. કારણ કે નોઈડા અને દિલ્હી સહિતના દેશના કેટલાક શહેરોમાં આવી ફેઈક બહાને દાન મેળવતી લૂંટારુ વિવિધ ગેંગ અસ્તિત્વમાં આવી છે. જો કે હજાર ખોટા કેસ વચ્ચે એકાદ સાચો કેસ પણ હોય છે. એટલે લોકોએ પૂરતો અભ્યાસ કર્યા પછી જ સહાનુભૂતિ દાખવવાના આ સંયોગો છે. આ લૂંટફાટમાં સોશિયલ મીડિયા એકલા નથી, એમાં વિવિધ ટેલિકોમ કંપનીઓ પણ ફેઈક મેસેજ પાસ ઓન કરીને લૂંટાતા ગ્રાહકોની અપરાધી બને છે. કોઈ પણ કંપનીનું સિમકાર્ડ હોય પણ ચાલુ વાતચીતે ફોન કપાઈ જવો એ આપણા દેશની સર્વાનુભવ સમસ્યા છે. ત્રણ મિનિટ વાત કરવામાં તમારે ત્રણ વાર નવેસરથી ફોન જોડવો પડે એવું બને. ભારતીય ટેલિકોમ કંપનીઓ લગભગ ઈજારાશાહીની બહુ નજીક પહોંચી ગઈ છે.

બહુ જ મર્યાદિત કંપનીઓના હાથમાં દેશના કરોડો લોકોની સંચાર વ્યવસ્થા છે. સરકાર પાસે પોતાની કંપની ભારત સંચાર નિગમ લિમિટેડ છે પરંતુ એને ખાડામાં ધકેલવા માટે નવી દિલ્હીના ઉચ્ચાધિકારીઓની એક લોબી વરસોથી સક્રિય છે જેના દુઃખદ પરિણામો હવે દેખાવા લાગ્યા છે. દેશની તમામ ખાનગી ટેલિકોમ કંપનીઓને કેન્દ્ર સરકાર અને એના સચિવ કક્ષાના અધિકારીઓ રહસ્યમય રીતે હૂંફ આપે છે, છાવરે છે અને કાયદા વિરુદ્ધ છૂટછાટો આપે છે, તે એટલી હદે કે સર્વોચ્ચ અદાલતના હુકમને પણ તેઓ ઘોળીને પી જવા લાગ્યા છે. કેન્દ્ર સરકારની આ લીલા તરફ ન્યાયમૂર્તિઓનું ધ્યાન જતા સરકારને આકરા શબ્દોમાં ઠપકો આપ્યો છે. સરકારી અધિકારીઓના મનઘડંત ફતવાનો આ એક નવો વિવાદ છે. ટેલિકોમ કંપનીઓને અનુકૂળ હોય તેવા નિયમો ઘડી આપવાની શરૂઆત હકીકતમાં યુપીએ સરકારથી થઈ છે. એ પરંપરા હવે રાક્ષસી કદે આગળ વધી ગઈ છે.

કોલ ડ્રોપ સમસ્યા દસ વરસ જૂની છે. આ સમસ્યાને ટેલિકોમ કંપનીઓએ બિઝનેસ બનાવી લીધો છે. પૈસા માટે આ કંપનીઓ કોઈ પણ છેતરપિંડી ધરાવતા મેસેજ દેશના લાખો નાગરિકોને મોકલી આપે છે, જેમાંથી હજારો લોકો ફસાય છે. આજકાલ નવી ચોર ટોળકી દેશમાં સક્રિય બની છે. તમારા પર મેસેજ આવે કે અમારે બ્રિટનથી ભારતમાં નાણાં ટ્રાન્સફર કરવા છે. પાંચથી દસ ટકાની લાલચે આ ખેલની શરૂઆત થાય છે. છેવટે ભારતીય નાગરિક લૂંટાઈ જાય છે. આ તો એક નમૂનો છે. ટેલિકોમ કંપનીઓ પોતાને વેપાર મળે છે એ જોઈને દેશના લાખો લોકોને લૂંટાવા દે છે. સરકારનો આવી બે નંબરી પ્રવૃત્તિ પર કોઈ અંકુશ નથી. કારણ કે કેન્દ્રના વિવિધ મંત્રાલયોના જે અધિકારીઓની મોનિટરિંગ જવાબદારીઓ છે તેઓ ખાનગી કંપનીઓના જ હિત ધ્યાનમાં રાખે છે. ભારતીય ટેલિકોમ કંપનીઓ ભારત સરકારની દેવાદાર પેઢીઓ છે.

સરકારે એમની પાસે અઢળક નાણાં લેવાના થાય છે. ઉતાવળે એ હિસાબ જુઓ તો આજથી છ મહિના પહેલા જે ચિત્ર હતું એમાંથી થોડીક જ રકમ ભરપાઈ થઈ છે. દેશના દૂરસંચાર વિભાગે ભારતી એરટેલ, વોડાફોન-આઈડિયા, આર. કોમ અને અન્ય કંપનીઓ પર કુલ એક લાખ તેત્રીસ હજાર કરોડ રૂપિયાની બાકી રકમ ભારત સરકારને ચૂકતે કરવાનો આદેશ કર્યો હતો. આ રકમમાં બાણુ હજાર કરોડ રૂપિયા લાઈસન્સ ફી તરીકે અને એકતાલીસ હજાર કરોડ રૂપિયા સ્પેક્ટ્રમ ફી તરીકે કંપનીઓએ સરકારને ચૂકવવાના થાય છે. આટલી ચપટીક કંપનીઓ કેન્દ્રના મંત્રાલયોમાં પોતાના પાલતુ કુત્તાઓ રાખે છે.

# નાણાની લેતીદેતી મામલે યુવાન પર ૩ શખ્સોએ હૂમલો કર્યો

રાજકોટના ઠક્કરબાપા હરિજનવાસ શેરી નંબર-૬માં રહેતા અને પ્રાઈવેટ નોકરી કરતા મયુર ઉર્ફે ખોડો હમીર શિંગાળાએ પ્રધ્યુમનનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે કે, તેઓ પોતાના ઘર પાસે હતા ત્યારે ઠક્કરબાપા હરિજનવાસમાં જ રહેતા બાલા ભીમજી પરમાર, વિકાસ હરેશ પરમાર અને સાગર હરેશ પરમારે હુમલો કર્યો હતો. જેમાં યુવાને જણાવ્યું હતું કે, બાલા પરમાર રૂપિયા માંગતો હોવાથી બોલાચાલી થઈ હતી. જેઓ ફરિયાદીને ઢિક્કાપાટુનો માર મારતા હતા. તે દરમિયાન વિકાસે તલવાર કપાળમાં મારી દીધી હતી અને બાદમાં સાગરે માથાના ભાગે છરી મારી દીધી હતી. જેથી પ્રધ્યુમનનગર પોલિસે કલમ ૩૨૩, ૩૨૪ અને ૫૦૪ હેઠળ ફરિયાદ નોંધે તપાસ હાથ ધરી છે.

## નાનામવા રોડ ઉપર મહિલાનો ગળાફાંસો ખાઈ આપઘાત

રાજકોટનાં નાનામવા રોડ ઉપર મહિલાએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાનુ સામે આવ્યુ છે. રાજકોટના નાનામવા રોડ ઉપર નહેરુનગર મેઈન રોડ ઉપર માલધારી ચોક પાસે રહેતા ૬૬ વર્ષીય કુંવરબેન પ્રભાતસિંહ મોરી આજે સવારે ૧૦: ૫૫ વાગ્યે પોતાના ઘરે હતા ત્યારે અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જેની જાણ ૧૦૮ને કરવામાં આવતા ૧૦૮ એમ્બ્યુલન્સ સાથે સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. આ બાબતે માલવિયા નગર પોલીસ મથકમાં ગુનો દાખલ થતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## અજાણ્યા શખ્સે કાર્ડ બદલી રૂ. ૩૫,૦૦૦ની છેતરપિંડી કરી

રાજકોટમાં કોઠારીયા રોડ ઉપર નાળોદાનગર શેરી નંબર-૬માં રહેતા અને મજૂરીકામ કરતા બાબુભાઈ ધરમશીભાઈ ગોહેલે ભક્તિનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ પોતે દેવપરા રોડ ઉપર જઈઈ બેન્કના અઝખ સેન્ટર પર હતા ત્યારે ૩૦થી ૩૫ વર્ષનો અજાણ્યો શખ્સ ત્યાં આવ્યો હતો અને ફરિયાદીને વિશ્વાસમાં લઈ અઝખ કાર્ડ બદલી નાખ્યું હતું અને ફરિયાદીને બીજું અઝખ કાર્ડ આપી દીધું હતું. બાદમાં ફરિયાદીના બેન્ક એકાઉન્ટમાંથી રૂ. ૩૫,૦૦૦ ઉપાડી લઈ છેતરપિંડી આચરી હતી.

# એમ.ડી. ડ્રગ્સની પડીકી બનાવી શહેરમાં સપ્લાય કરે તે પહેલા પેડલર ઝડપાયો

રાજકોટ તા.૨૧

'સે નો ટુ ડ્રગ્સ' મિશન અંતર્ગત એસઓજીની ટીમ પેડલરો પર વોચમાં હતી ત્યારે રૈયાધારનો ભાવેશ રાઠોડ રૂા.૨.૪૦ લાખના ૨૪.૦૧ ગ્રામ મેફેડ્રોન સાથે ઝડપી પાડી મોટી કાર્યવાહી કરી હતી. પુછતાછમાં ડ્રગ્સની સપ્લાય મીર નામના શખ્સે કરી હોવાની કબુલાત આપતા તેની શોધખોળ હાથ ધરી હતી. દરોડાની વિગત મુજબ શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, ડીસીપી ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઈમ ભરત બસીયાએ યુવાધન નશાના રવાડે ન ચડે તેમજ નાર્કોટીકસ પદાર્થોનું વેચાણ અટકાવવા 'સે નો ટુ ડ્રગ્સ' મિશન અંતર્ગત પેડલરો વિરૂદ્ધ કાર્યવાહી કરવાની આપેલ સુચનાથી એસઓજી પીઆઈ જે.એમ. કૈલાની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ ઈન્દ્રસિંહ જાડેજા અને દિગ્વીજયસિંહ ગોહિલને રૈયાધામ શેરી નં.૩ના ખુણે મુકિતધામ સામે વિજપોલ પાસે એક શખ્સ ડ્રગ્સના જથ્થા સાથે હોવાની ચોકકસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી મેફેડ્રોન ડ્રગ્સની પડીકી બાંધતા શખ્સને પકડી નામ પુછતા ભાવેશ પ્રવિણ રાઠોડ (ઉ.૨૭) (રહે. જુનો વણકરવાસ, રૈયા ગામ) જણાવ્યું હતું.



એસઓજીની ટીમે મેફેડ્રોન ડગ્સ ૨૪.૦૧ ગ્રામ રૂા.૨.૪૦ લાખ અને મોબાઈલ ફોન મળી રૂા.૨.૪૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પુછતાછ હાથ ધરી હતી.

વધુ પુછમરછમાં પેડલર ભાવેશ પહેલા ઈલેકટ્રીક કામની મજુરી કામ કરતો હતો. બાદમાં ડ્રગ્સનો બંધાણી થઈ જતા બેરોજગાર સાથે આર્થીક ભીંસમાં સપડાતા પેડલર બન્યો હતો. તેને ડ્રગ્સનો જથ્થો મીર નામના શખ્સે સપ્લાય કર્યુ હોવાનું અને છુટક વેંચવાની પેરવીમાં હોવાની કબુલાત આપી હતી.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.22/4/2024 | MONDAY


# રાજકોટ લોકસભાની બેઠક પર ભાજપના કુંડારીયા, કોંગ્રેસના વસાવડા સહિતના છ ઉમેદવારોના ફોર્મ અમાન્ય

## કલેકટર કચેરી ખાતે ઉમેદવારોના ફોર્મની ચકાસણીઃ ભાજપના ઉમેદવાર રૂપાલા સહિત રાજકીય પક્ષો સહિતના અપક્ષ ઉમેદવારોની ઉપસ્થિતિઃ હવે સોમવાર સુધી નામાંકનપત્ર પરત ખેંચી શકાશે

**(સામના મિરર, સંવાદદાતા)**

રાજકોટ તા.૨૦: રાજકોટ લોકસભાની બેઠક માટે આજે જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લા ચુંટણી અધિકારી પ્રભવ જોશી અધિક કલેકટર (ચૂંટણી) મુછાર સહિતના અધિકારીઓ દ્વારા ઉમેદવારી ફોર્મની કરાયેલી ચકાસણી દરમિયાન ભાજપપા પરસોતમ રૂપાલા, કોંગ્રેસના પરેશ ધાનાણી સહિતના ૧૦ ઉમેદવારોના ફોર્મ માન્ય રહ્યા હતા જયારે છ ઉમેદવારોના ઉમેદવારી ફોર્મ અમાન્ય ઠેરવવામાં આવેલ હતા. જેમાં ભાજપના મોહનભાઈ કુંડારીયા અને કોંગ્રેસના હેમાંગભાઈ વસાવડાનું ઉમેદવારી ફોર્મ વૈકલ્પિક ઉમેદવાર હોવાથી રદ્દ કરવામાં આવેલ હતું. ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાના ડમી તરીકે મોહનભાઈ કુંડારીયા અને કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીના ડમી તરીકે હેમાંગભાઈ વસાવડાએ ઉમેદવારી ફોર્મ જિલ્લા ચૂંટણી અધિકારી સમક્ષ રજુ કર્યુ હતું. ઉમેદવારી ફોર્મની ચકાસણીના અંતે જિલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા ભાજપના પરસોતમ રૂપાલા, કોંગ્રેસના પરેશ ધાનાણી, બહુજન સમાજ પાર્ટીના ચમનભાઈ સવસાણી તેમજ અપક્ષ ઉમેદવારોમાં અમરદાસ દેશાણી, પ્રકાશભાઈ સિંધવ, ભાવેશભાઈ આચાર્ય નયનકુમાર ઝાલા, નિરલભાઈ અજાગીયા જીતેશ લુહાર અને ભાવેશભાઈ પીપળીયાના ઉમેદવારી ફોર્મ માન્ય રાખવામાં આવેલ છે. જયારે અપક્ષ ઉમેદવાર સર્વશ્રી વેગડા રામજીભાઈ મેરાણ રૂડાભાઈ, સુભાષ અંબાશંકર પંડયા, સોની મહાજન નરેન્દ્રભાઈ અમૃતલાલ સહિતના છ ઉમેદવારોના ઉમેદવારી ફોર્મ અમાન્ય રાખવામાં આવેલ હતા.

જિલ્લા કલેકટર કચેરી ખાતે ઉમેદવારોના ફોર્મની ચકાસણી દરમિયાન ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા તેમજ કોંગ્રેસના ઉમેદવારના પ્રતિનિધિઓ અને અપક્ષ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ લોકસભાની બેઠક માટે ભરાયેલા ઉમેદવારી ફોર્મની ચકાસણી આજે પૂર્ણ કરી દેવાતા હવે ૧૦ જેટલા ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

જેમાં ભાજપના પરસોતમ રૂપાલા અને કોંગ્રેસના પરેશ ધાનાણી વચ્ચે રસાકસીભર્યો મુખ્ય જંગ ખેલાશે. ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની અંતીમ તા.૨૨ નિયત કરાયેલ હોય તા.૨૨ને સોમવાર સુધીમાં ઉમેદવારોએ તેમના ઉમેદવારી ફોર્મ પરત ખેંચી શકશે. જેથી રાજકોટ લોકસભા બેઠકનું ચૂંટણી ચિત્ર તા.૨૨ને સોમવારે ફાઈનલ થશે.

**રૂપાલાના ફોર્મ સામે ૩૨ વાંધા રજુ થયા**

રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવારોના ફોર્મની ચકાસણી દરમિયાન ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાના ફોર્મ સામે ૩૨ વાંધાઓ અપક્ષ ઉમેદવાર અમરદાસ દેશાણીએ રજૂ કર્યા હતા.

આ મામલે અમરદાસ દેશાણીએ જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશી સમક્ષ કરેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ચૂંટણી પંચની ગાઈડલાઈન મુજબ ઉમેદવારે સોગંદનામું રૂ.૩૦૦ના સ્ટેમ્પ પેપરમાં રજુ કરવું આવશ્યક છે પરંતુ ભાજપના ઉમેદવારે રૂ.૫૦ના સ્ટેમ્પ પેપર પર રજુ કર્યુ છે. આ ઉપર આઈટી રિટર્ન બેંકની થાપણો દર્શાવવામાં પણ ભૂલો કરી છે. રૂપાલાએ સોગંદનામુ રૂ.૩૦૦ની બદલે રૂ.૫૦ના સ્ટેમ્પ પેપર રજુ કર્યુ છે તે ચૂંટણી પંચનો અનાદર કરવા સમાન છે. જેથી તેમનું ઉમેદવારી ફોર્મ રદ્દ થવાને પાત્ર છે.

તેઓએ સરકારી આવાસના લેણાનું પ્રમાણપત્ર પણ સામેલ કરેલ નથી જો રૂપાલાનું ફોર્મ રદ્દ નહીં કરાય તો ઉપવાસ આંદોલનના મંડાણ કરાશે. આ અંગે તેઓએ જનરલ ઓબ્ઝર્વરને પણ ફરિયાદ કરી હતી.

**અપક્ષ ઉમેદવારની ફરિયાદ અંગે લેખિતમાં જવાબ અપાશેઃ કલેકટર**

ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાના ફોર્મ સામે ૩૨ વાંધાઓ ઉઠાવી અપક્ષ ઉમેદવાર અમરદાસ દેશાણીએ કરેલી ફરિયાદ અંગે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે આ અંગે અપક્ષ ઉમેદવારને કાયદાની કલમ સાથે લેખીતમાં જવાબ અપાશે.

## વિરાણી સ્કૂલ ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો



હાલ લોકસભાની ચૂંટણીને લઈને તડમાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. તદ્દપરાંત ઠેર ઠેર મતદાન જાગૃતિ અંગેના કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવતું હોય છે. આ મતદાન જાગૃતિના કાર્યક્રમ યોજી દરેક લોકોને મતદાન અવશ્ય કરવું જોઈએ તે અંગે જાગૃત કરવામાં આવે છે. આ લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને શહેરની વિરાણી સ્કૂલ ખાતે આજે મતદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્કૂલના ૫૦૦ વિદ્યાર્થીઓ વોટ લખી મતદાન માટે જાગૃતિ ફેલાવી હતી. તેની સાથોસાથ વિદ્યાર્થીઓએ પરિવારજનોમાં સો ટકા મતદાન માટે લીધા શપથ લીધા હતા. તેમજ વિદ્યાર્થીઓએ લોકોને મતદાન માટે કરી અપીલ કરી હતી.

## જાહેરમાં ગંદકી કરતા લોકો પાસેથી રૂ.૧૩,૭૦૦નો વહીવટી ચાર્જ વસુલાયો

રાજકોટ, તા. ૨૧ઃ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તા.૧૯ના રોજ ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જેમાં ગત તા.૧૯ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૫૯ આસામીઓ પાસેથી ૨.૪૯૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૩૭૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૬ આસામીઓ પાસેથી ૦.૫૧ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૫૦૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે તથા વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૭ આસામીઓ પાસેથી ૧.૨૩૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૪૫૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ.

# સોમવાર સુધી ગરમીમાં રાહત રહેશે મંગળવારથી ફરી તાપમાન ઉંચકાશે

■ **હાલમાં ભેજવાળા ઉત્તર-પૂર્વનાં પવનોનાં કારણે ગરમીમાં રાહત**

રાજકોટ, તા. ૨૧ઃ રાજકોટ સહિત રાજ્યભરમાં ગઇકાલે પણ કાળઝાળ ગરમી સાથે રાહત રહેવા પામી હતી અને મોટાભાગના સ્થળોએ ૩૮ થી ૪૦ ડિગ્રી વચ્ચે મહતમ તાપમાન રહેવા પામ્યું હતું. દરમ્યાન હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ હજુ આવતા સોમવાર સુધી ગરમીમાં રાહત રહેશે અને તાપમાન ૩૮ થી ૪૦ ડિગ્રી વચ્ચે રહેશે.

હાલમાં ઉત્તર પૂર્વનાં ભેજવાળા પવનો ફુંકાઇ રહ્યા હોય ગરમીમાં રાહત છે. જોકે મંગળવારથી ફરી તાપમાનનો પારો ઉંચકાશે અને સૌરાષ્ટ્ર-કચ્છ તથા રાજ્યભરમાં અનેક સ્થળોએ તાપમાનમાં ૧ થી ૩ ડિગ્રીનો વધારો થશે અને ઠેર ઠેર તાપમાન ૪૨ થી ૪૩ ડિગ્રી આસપાસ નોંધાશે.

દરમ્યાન ગઇકાલે રાજકોટમાં ૩૮.૭ ડિગ્રી, પોરબંદરમાં ૩૪.૮, સુરેન્દ્રનગરમાં



૩૯.૨ તથા વેરાવળ ખાતે ૩૧.૮ ડિગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યું હતું. તેમજ અમદાવાદમાં ૩૯.૫, અમરેલીમાં ૪૦, વડોદરામાં ૩૯.૮, ભાવનગરમાં ૩૮, ભુજમાં ૩૬.૮, છોટા ઉદેપુરમાં ૩૯.૫ તથા દાહોદમાં ૩૭.૯, ડાંગમાં ૩૯.૭, ડિસામાં ૩૭.૨ અને દિવમાં ૩૭.૨ ડિગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

જ્યારે જામનગરમાં વસંત ઋતુની સમાપ્તિ અને ગ્રીષ્મ ઋતુ નાસ પ્રારંભે મહતમ તાપમાનનો પારો ૧.૮ ડિગ્રી ઘટીને ૩૩.૮ ગરમીનો પારો પહોંચ્યો હતો. તેની સાથે લઘુતમ તાપમાનમાં સીધો ૩ ડિગ્રી ઘટીને ૨૩.૮ નોંધાયું હતું. જો કે પવનની ૧૦.૪ કિમિ ઝડપે ફુંકાયો હતો.જો કે સવારથી જ વાદળછાયું. વાતાવરણ રહેતા ગરમીમાં થોડી રાહત અનુભાવાઈ હતી.

સૌરાષ્ટ્રભરમાં જામનગર એક એવું શહેર હશે જ્યા કુદરતી આબોહવા ઉનાળામાં સાંજ પડે એટલે સામાન્ય ગરમી સાથે પવન ફૂંકાતા હોય જેનાથી શહેરીજનો ગરમીમાં રાહત મેળવી શકે છે. ગ્રીષ્મ ઋતુમાં આયુર્વેદિક નિષ્ણાતો કહે છે કે ગ્રીષ્મ ઋતુમાં ખાસ આરોગ્યની કાળજી રાખવી પડવા છે.

ધોમધખતા તાપ વચ્ચે પાણી વધુ પીવું હિતકારી છે.સાથે ઉનાળાના ફળો તરબૂચ, દ્રાક્ષ, સક્કરટેટી જેવા કુદરતી પાણીથી ભરપૂર હોય તેવા ફળો આરોગવા જોઈએ. સૂર્યના તાપમાં બપોરે કામ વગર ઘરની બહાર નીકળવું ન ટાળવું જોઈએ.

જામનગર શહેરમાં મહતમ તાપમાન ૩૩.૮ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુતમ તાપમાનનો પારો ૨૩.૮ ડિગ્રી પહોંચ્યો હતો.જ્યારે શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૫ ટકા રહ્યું હતુ. જ્યારે પવનની ગતિ પ્રતિકલાક ૧૦.૪ કિમિ નોંધાઈ હતી.

# ધોરાજી શહેરમા શ્રીતપગચ્છ સંઘની નિશ્રામાં ભગવાન મહાવીર સ્વામીની શોભાયાત્રા નીકળી

■ **જૈનમ જયંતિ શાસનમના નારા સાથે વિશાલ શોભાયાત્રા નીકળી**

ધોરાજી, તા. ૨૧ઃ ધોરાજી શહેર મા શ્રીતપગચ્છ સંઘ ની નિશ્રા માં ભગવાન મહાવીર સ્વામી ની શોભાયાત્રા નીકળી

ચૈત્ર સુદ તેરસ એટલે કે ‘‘અહિંસા પરમો ધર્મ‘‘ ‘‘જીવો અને જીવવા દો‘‘ આ સંદેશો જેને સમગ્ર વિશ્વ ને આપ્યો છે એવા જૈનો ના ચોવીસમાં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક નો દિવસ. આજે ધોરાજી શહેર મા શ્રીતપગચ્છ સંઘ ની નિશ્રામાં ભગવાન




તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

મહાવીર સ્વામીની શોભાયાત્રા કાઢવામાં આવી હતી જેમાં ચાંદી ની પાલખી માં ભગવાન બિરાજમાન હતા. આ શોભાયાત્રામાં ચારેય સંઘ ના ભાઈઓ - બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતાં. ત્રિશલા નંદન વીર કી જય બોલો મહાવીર કી ના નાદ સાથે આ શોભાયાત્રા સોનીબજાર ગામ દેરાસર થી શરૂ થઇ દરબારગઢ, પિરખાના કૂવા ચોક, ત્રણ દરવાજા, સ્ટેશન રોડ ખાતે પ્લોટ દેરાસર ખાતે શોભાયાત્રાની પૂર્ણાહુતી થઈ હતી.

આ શોભાયાત્રા માં ધોરાજી તપગચ્છ સંઘ ના પ્રમુખ વીરાભાઇ સુખડીયા, નગીનભાઈ વોરા, હિરેનભાઈ મારડિયા, નિરંજન યુવા ગ્રુપના ચિરાગભાઈ વોરા, વિપુલભાઈ મહેતા, ભાવેશભાઈ શાહ તેજસભાઇ મહેતા, ધવલભાઈ સંઘવી, નીરવભાઈ વોરા, ચેતનભાઈ શાહ, નરેન્દ્રભાઈ લાથીયા,વગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

શોભાયાત્રા બાદ શ્રી તપગચ્છ સંઘ તેમજશ્રી લોકાગચ્છ સંઘનું સ્વામી વાત્સલ્ય રાખવામાં આવેલ હતું

# વેરાવળમાં મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકની જૈન સમાજ દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી

વેરાવળ, તા. ૨૧: વેરાવળ નગરમાં જૈન સમાજ દ્વારા પ્રભુ શ્રી મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકની શાનદાર ઉજવણી કરવામાં આવેલ હતી. આ પ્રસંગે શોભાયાત્રા સહીતના કાર્યક્રમો યોજાયેલ હતા.

પ્રભુ શ્રી મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકની શાનદાર ઉજવણી પ્રસંગે સવારે ડીજેના સથવારે સોની બજારમાં આવેલ પ્રભુ મહાવીર ચોક શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયથી રથયાત્રા નીકળેલ જેમાં પ્રભુ મહાવીરના જયકારા સાથે શહેરના રાજમાર્ગો પરથી પસાર થયેલ


અહેવાલ : રવિ ખખ્ખર, ગીર સોમનાથ

હતી. આ શોભાયાત્રામાં અગ્રણી ઉદયભાઇ શાહ, રમેશભાઇ શાહ, કીશોરભાઇ શાહ, સુરેશભાઇ કંપાણી, સુરેન્દ્રભાઇ ભાવસાર, જયપ્રકાશ ભાવસાર, ધનપાલભાઇ શાહ સહીતના જોડાયેલ હતા.

આ ઉપરાંત શ્રી સ્થાનકવાસી જૈન ઉપાશ્રય ખાતે સાધ્વીજી ભગવંત દ્વારા માંગલિક ફરમાવવામાં આવેલ સકર સંઘની સાકરીયા પાણીની ભક્તિ અવસરવાળી ખાતે રાખવામાં આવેલ અને શહેરમાં બૂંદીના લાડુની પ્રભાવના સમસ્ત જૈન સમાજ વેરાવળ ટીમ ૧૦૮ દ્વારા કરવામાં આવેલ અને રથયાત્રા બાદ અવસરવાળી મુકામે નવકાશી જમણનું આયોજન કરવામાં આવેલ જેમાં વેરાવળમાં વસતા સમગ્ર જૈન સમાજે લીધો હતો.

## દુબઈમાં નોકરી કરતી રાજકોટની મહિલાએ કેનેડાના PRના ચક્કરમાં ૨૧.૯૨ લાખ ગુમાવ્યા

રાજકોટ, તા. ૨૧: રાજકોટના ગોંડલ રોડ ખાતે રહેતી અને દુબઈમાં એકાઉન્ટમ મેનેજર તરીકે નોકરી કરતી ૩૮ વર્ષીય ધર્મિષ્ઠા ઘાટલિયાનો ટ્રાવેલ એજન્ટ ઈરફાન સાથે સોશિયલ મીડિયાના માધ્યમથી સંપર્ક થયો હતો. ધર્મિષ્ઠાએ ટ્રાવેલ એજન્ટને ઈરફાનને અમેરીકાના વિઝિટર વિઝાની વાત કરી હતી. ટ્રાવેલ એજન્ટ ઈરફાને ધર્મિષ્ઠાને બેંગકોક બોલાવી સૌરભનો નંબર આપ્યો હતો. સૌરભ અને તેની પત્ની તરણજીતે કેનેડાના વર્ક પરમિટ વિઝા માટે ડોક્યુમેન્ટોની વાત કરી હતી. જેથી ધર્મિષ્ઠાએ તમામ ડોક્યુમેન્ટ રોકીને આપ્યા હતા. ધર્મિષ્ઠાના ઈમેલ પર પીઆરનો લેટર આવ્યો હતો. પછી સૌરભે ધર્મિષ્ઠા પાસે ૧૫ લાખની માંગણી કરી પાસપોર્ટ આપવાની વાત કરી હતી. આથી ધર્મિષ્ઠા અમેરિકાના મિત્ર પાસેથી ૧૫ લાખ આંગડિયામાં દિલ્હી મોકલ્યા હતા. મહિલાએ પીઆર લેટર લઈ કેનેડાના વિઝા માટે એપ્લાય કરતા રિજેકટ થયો અને પીઆર લેટર ખોટો હોવાનું સામે આવ્યું હતું.

# ધોરાજી ખાતે સૂફી સંત લાલ શાહ વલીના ઉર્ષ નિયમિત તા ૨૩ એપ્રિલએ વિશાળ સંદલ શરીફ નીકળશે

- **દરગાહ શરીફ ને રંગબેરંગી લાઈટિંગની રોશનીથી શણગારવામાં આવી**
- **ફકીર લંગર કમિટી દ્વારા હિન્દુ મુસ્લિમ દર્શનાર્થીઓ માટે વેજીટેરિયન પ્રસાદની વ્યવસ્થા**


તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

ધોરાજી, તા. ૨૧: ધોરાજી ખાતે હિન્દુ મુસ્લિમો ની આસ્થા ના પ્રતિક અને કોમી એકતા નું પ્રતીક એવા હજરત લાલ શાહ વલી ના ઐતિહાસિક ઉર્ષ શરીફ નો તારીખ ૨૩ એપ્રિલ થી પ્રારંભ થનાર છે આ પુરુષ શરીફ ની અંદર માં ૨૩ એપ્રિલ અને બપોરે ત્રણ વાગે દરગાહ શરીફ ના ખાદીમો નું સનમાન થશે અને બાદ માં બપોરે ૫ કલાકે દરગાહ શરીફ ખાતે થી ખાદીમ અને મુસ્લિમ સમાજ ના આગેવાન યાસીન ભાઈ નાલ બંધ મકબૂલ ભાઈ ગરાણા મોહંમદ કાસિમ ભાઈ ગરાણા અને શબ્બીર ભાઈ ગરાણા સહિત ના હિન્દુ મુસ્લિમ સમાજ ના આગેવાનો ની ઉપસ્થિતિ માં વિશાળ સંદલ શરીફ નીકળશે અને સંદલશરીફ નું નાગાણી શાહ બાવા તકિયા ખાતે વિશેષ સનમાન કરવામાં આવશે અને સમગ્ર રૂટ પર ઠંડા ગરમ પીણા પીવડાવવામાં આવશે અને ચાર દિવસ સુધી દરોજ રાત્રી ના હિન્દુસ્તાન ના મશહુર કવવાલ ની કવ્વાલી નો કાર્યકર્મ રહેશે અને અંતિમ દિવસે વહેલી સવારે ગુષ્લ શરીફ ની રસમ બાદ ઉર્ષ ની પૂર્ણાહુતિ થશે ઉર્ષ શરીફ માં દરગાહ શરીફ ખાતે ચાર દિવસ સુધી હજારો ની સંખ્યામાં હિન્દુ મુસ્લિમો પણ શીશ જુકવવા આવતા હોઈ છે ત્યારે દર્શનાર્થીઓ ની લાગણી ને માન આપી અને આજે ૩૮ વર્ષ થી ફકીર લંગર કમિટી ના લાલુ ભાઈ સંધી અને હનિફ ભાઈ માંજોઠિ દ્વારા દર્શનાર્થીઓ માટે નિઃશુલ્ક વેજીટેરિયન પ્રસાદ ની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ છે અહીંયા હિન્દુ મુસ્લિમ યુવાનો આ પ્રસાદ ઘરમાં પ્રસાદ બનાવે છે અને દર્શનાર્થીઓને પ્રસાદ પીરસે છે આમ આ ફકીર લંગર ન્યાજ કમિટી હાલ ગુજરાતભરના હિન્દુ મુસ્લિમોની કોમી એકતાનું પ્રતીક ગણાય છે ઉર્ષ ના ૪ દિવસ સુધી નાલબંધ ગ્રુપ દ્વારા ભવ્ય લોક મેળા નું આયોજન ઉર્ષ નિયમિત દરગાહ શરીફ પર દર્શન માટે આવતા દર્શનાર્થીઓ માટે થઈ અને નાલ બંધ ગ્રુપ દ્વારા એક ભવ્ય લોક મેળાનું ઉર્ષ ના ચાર દિવસ સુધી આયોજન કરવામાં આવેલ છે જેમાં આકાશ ને આંબતા ચકડોળ અને વિવિધ રાઈડ્સ અને બાળકો માટે વિવિધ રાઈડ અને ખાણી પીણી ના સ્ટોલ રમકડાં ના સ્ટોલ જે લોકમેળાના આકર્ષણ નું કેન્દ્ર બનશે લોક મેળાનું યાસીન ભાઈ નાલ બંધ અને મકબૂલ ભાઈ ગરાણા મેળાના સફળ આયોજન માટે જહેમત ઉઠાવી રહ્યા છે

# રાજકોટમાં મહાવીર જયંતી મહોત્સવમાં ૭ હજારથી વધુ જૈન સમાજના લોકો જોડાયા

■ ૬૫ યુવાનોએ ઉઘાડા પગે ચાલી પ્રભુનો રથ ખેંચ્યો





રાજકોટ, તા. ૨૧: રાજકોટમાં આજે ભગવાન મહાવીર સ્વામીનાં જન્મ કલ્યાણક મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મણીયાર દેરાસર ખાતેથી સવારે વિન્ટેજ કાર સાથેની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. જેમાં કુલ ૬૫ જેટલા યુવાનોએ ઉઘાડા પગે ચાલીને પ્રભુજીનો રથ ખેંચ્યો હતો. આ શોભાયાત્રામાં હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા. ઠેર-ઠેર શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું. આ તકે ખાસ પ્રભુજીના પારણાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટમાં સમસ્ત જૈન સમાજ દ્વારા આજે ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણક મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. પ્રભુજીના દિવ્ય પારણાના ઉદઘાટન સાથે કાર્યક્રમનો પ્રારંભ કરાયો હતો. બાદમાં સવારે ૭.૩૦ કલાકે બાળકો માટે વેશભૂષા અને ૮ વાગ્યે ધર્મયાત્રા યોજવામાં આવી હતી. આ પછી સવારે ૧૦ કલાકે ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધર્મયાત્રા દરમિયાન કુલ ૬૫ યુવાનોએ ઉઘાડા પગે ચાલીને પ્રભુજીનો રથ ખેંચ્યો હતો. તેમજ વિન્ટેજ કારો આ ધર્મયાત્રામાં આકર્ષણનું કેન્દ્ર બની હતી.

જૈનમ ગ્રુપના જીતુભાઈ કોઠારીએ જણાવ્યું હતું કે, બે દિવસથી ભગવાન મહાવીર સ્વામીના ૨૬૨૨માં જન્મ કલ્યાણકની ઉજવણીને લઈ કુલ ૭ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેમાં ચિત્ર સ્પર્ધા, રંગોળી સ્પર્ધા ગઈકાલે જ યોજાઈ હતી. ગતરાત્રે એનિમેશન શોનું પણ અયોજન કરવામાં આવ્યું હતું. અત્યારે ધર્મયાત્રા યોજવામાં આવી છે. જેમાં પ્રભુજીનાં રથ સાથે ૨૪થી વધુ ફ્લોટ્સ પણ સામેલ છે. રાસમંડળી, તિરંગાની થીમ, બાઈક- સ્કૂટર સવાર યુવક યુવતિઓ અને વિન્ટેજ કારો પણ સામેલ થઈ છે. જેમાં પગપાળા ન ચાલી શકતા હોય તેવા સિનિયર સિટીઝનો સામેલ થયા છે.

**૭૦૦૦ કરતા વધુ જૈન સમાજના લોકો જોડાયા**

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આ ધર્મયાત્રાનો પ્રારંભ મણીયાર દેરાસરથી કરવામાં આવ્યો છે. હવે આ યાત્રા શ્રોફ રોડ, મોટી ટાંકી ચોક, લીમડા ચોક, જવાહર રોડ, ત્રિકોણબાગ, બાપુના બાવલા, ભૂપેન્દ્ર રોડ, મુળવંતભાઈ દોમડિયા ચોક, ડુંગરસિંહજી મ.સા. ચોકમાં ફરી વિરાણી પૌષધ શાળા ખાતે પૂર્ણ થશે. ત્યાર બાદ ધર્મસભા તેમજ મહાપ્રસાદ સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કુલ ૭૦૦૦ કરતા વધુ જૈન સમાજના લોકો જોડાયા હતા.

ધર્મયાત્રા અંતર્ગત ૧૪ જેટલી અલગ અલગ કમિટીઓ બનાવવામાં આવી હતી. શોભાયાત્રા દરમિયાન ઠેર-ઠેર તેનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં નવપદની રચના કરતા સ્ટેજ રાખવામાં આવ્યા હતા. અંદાજિત ૧૦૮ બાળકોએ નવપદની રચનામાં ભાગ લીધો હતો.

ગઈકાલે આ મહોત્સવ અંતર્ગત બાળકો માટે ચિત્ર અને રંગોળી સ્પર્ધા રાખવામાં આવી હતી. જેને નિહાળવા માટે આકાશવાણી પાસે આવેલ શ્રીમદ્દ રાજચંદ્ર જ્ઞાન મંદિર ટ્રસ્ટ ખાતે આજે સવારે ૮થી રાત્રે ૧૦ સુધી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ધર્મયાત્રા દરમિયાન પણ પાણી, શરબતની પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

---

# જસદણ નગરપાલિકાને કારણે પાણીના ધાંધીયાઃ પાણીને કારણે ઉનાળાના પ્રારંભે પ્રજાનો રઝળપાટ

**(હુસામુદ્દીન કપાસી દ્વારા)**

જસદણ, તા. ૨૧: જસદણ નગરપાલિકાએ છેલ્લાં ૧૫ દીવસથી એકાંતરા પાણી આપવાને બદલે ચાર પાંચ દિવસે પાણી આપતાં લોકોમાં વહીવટદાર શાસન સામે ભારે રોષ ભભુકી ઉઠયો છે લોકો પાસેથી વિવિધ વેરાઓ વસુલીમાં અને પ્રજાના પરસેવાની કમાણીરૂપેના વિવિધ રકમોમાંથી નગરપાલિકામાં થતાં વિવિધ કામોના કોન્ટ્રાકટરને નબળાં કામોના રૂપિયા ચુકવવામાં અવ્વલ નગરપાલિકાના ચિફઑફિસરએ કોઈ કારણોસર છેલ્લાં વીસ દિવસથી એકાંતરા પાણી આપવાને બદલે ચાર પાંચ દિવસે તે પણ અપુરતું પાણી આપતાં વહીવટદાર શાસન સામે ભારે રોષ ભભુકી ઉઠયો છે જસદણમાં ગત પ્રમુખ અનિતાબેન રૂપારેલિયાના શાસનમાં પ્રજાને એકાંતરે પાણી મળતું પણ હાલ વહીવટદાર શાસનમાં લોકોને ચાર પાંચ દિવસે પાણી મળતાં પ્રમાણિક નાગરીકોને પાણીના વેચાતા ટેન્કર લેવાં પડી રહ્યાં છે હજું તો ઉનાળાની શરૂઆત થઇ છે સ્વભાવિક છે કે ગરમીમાં પાણીની બમણી જરૂરિયાત થઈ જાય પણ બિલ્ડરો અને કોન્ટ્રાકટરના કામોમાં પુરતો સમય ફાળવતાં પાલિકાના તંત્રવાહકો વેરો ભરતાં પ્રમાણિક નાગરીકોને દરરોજ પાણી આપવાને બદલે પાણીનો વારો ચાર પાંચ દિવસે વગર જાહેરાતે કરતાં હવે ગૃહિણીઓ રસોડા છોડી મેદાનમાં આવે એ દિવસો દુર નથી ઈસ્વીસન ૧૯૯૫માં જસદણ નગરપંચાયતને પાલિકાનો દરજ્જો મળ્યો પણ પ્રજાની કમનશીબી એ છે કે તેમને ક્યારેય દરરોજ પાણી મળ્યુ નથી અને હજ્જારો ભુતિયા નળ કનેકશનમાંથી એક પણ કનેક્શન કપાયું નથી અત્યારે ભુતિયા નળ કનેકશનવાળા લોકોના બંગલાઓ ફેકટરી હોટલો કારખાનાં દુકાનો વખારવાળાઓને ત્યાં પાણીની રેલમછેલ છે પણ એક નળ જોડાણ ધરાવતાંઓને પાંચ દિવસે પાણી મળી રહ્યું છે એ વાસ્તવિકતા છે જસદણમાં નેતાઓ લોકસભાની ચૂંટણીમાં વ્યસ્ત છે નગરપાલિકાના અધિકારીઓ કોન્ટ્રાકટરોના બિલોમાં અને બિલ્ડરોને મદદ કરવામાં વ્યસ્ત છે અને સામાન્ય જન પાણી માટે વલખા મારી રહ્યો છે ત્યારે પ્રજાને એકાંતરા ચોખ્ખું નિયમિત અને પુરતું પાણી આપે એવી માંગ જસદણના નાગરીકોમાં થઈ રહી છે.

# વડોદરામાં પથી ૭ શખસોએ રૂપાલા 'હાય હાય'ના નારા લગાવ્યા; પોલીસે તમામની અટકાયત કરી

## મુખ્યમંત્રી જાહેર સભાને સંબોધીને રવાના થતાની સાથે જ પથી ૭ લોકોએ હોબાળો મચાવ્યો

વડોદરા, તા. ૨૧: સમગ્ર દેશમાં લોકસભાની ચૂંટણીને લઈને તમામ રાજકીય પક્ષોના નેતાઓ અને ઉમેદવાર પોતપોતાના દાવપેચ લગાવી રહ્યા છે. ત્યારે આજરોજ વડોદરાના સુભાનપુરા વિસ્તારમાં આવેલા ઝાંસી કી રાની સર્કલ પાસેના મેદાનમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની જાહેર સભા હતી. આ કાર્યક્રમ પહેલાં જ રૂપાલા મામલે ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ નોંધાવવાની વાત વહેતી થતા પોલીસ દ્વારા ક્ષત્રિય સમાજના કેટલાક આગેવાનને ડિટેઇન કરવામાં આવ્યા હતા. જે બાદ મુખ્યમંત્રી જાહેર સભાને સંબોધીને રવાના થતાની સાથે જ પથી ૭ લોકોએ હોબાળો મચાવ્યો હતો. 'રૂપાલા હાય હાય'ના નારા લાગતા પોલીસે તાત્કાલિક તમામની અટકાયત કરી સ્ટેશન લઈ ગઈ હતી.

આ ઘટના અંગે જોઈન્ટ પોલીસ કમિશનર મનોજ નિનામાએ જણાવ્યું હતું કે, પાંચથી સાત લોકો ભાજપના કાર્યકરોની ઓળખ આપીને આવ્યા હતા અને તેમાંથી ચારથી પાંચ લોકો સભાની અંદરથી નીકળ્યા હતા. BJPના કાર્યકરો પણ એન્ટ્રી પોઈન્ટ પર ઊભા હતા, પરંતુ તે પણ આ લોકોને ઓળખી શક્યા નહીં. જ્યારે CM સાહેબનો કાફલો પસાર થયો, ત્યારે તેઓએ 'જય ભવાની'ના નારા લગાવ્યા હતા. આ લોકો કોણ છે? તેની ઓળખ હજુ સુધી થઈ નથી. આ લોકોની અટકાયત કરી હાલ ગોરવા પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યા હતા અને પૂછપરછ હાથ ધરી.





આજરોજ ૨૧ એપ્રિલે વડોદરામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની જાહેર સભા હતી. જેમાં સભાના સ્ટેજ પર ભાજપના નેતા અને કાર્યકરો દ્વારા CMનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જે બાદ CMએ જાહેર સભા સંબોધવાનું શરૂ કર્યું. જેમાં તેમણે જય શ્રીરામના નારા સાથે પોતાના સંબોધનની શરૂઆત કરી હતી. વધુમાં જણાવ્યું હતું કે, આ વખતે પહેલીવાર દેશમાં એવું વાતાવરણ બન્યું છે કે ત્રીજી વાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ૪૦૦ પાર સાથે બેસાડવા જઈ રહ્યા છીએ. છેલ્લા ૧૦ વર્ષમાં મોટો બદલાવ આવ્યો છે અને દુનિયામાં ગૌરવ વધ્યું છે. ૧૧માં સ્થાનેથી ૫માં સ્થાને આવ્યા છીએ. આ વખતે આર્થિક તાકાત આપણે ત્રીજા નંબરે લઈ જવાની છે.

**'એકમાત્ર મોદી સાહેબની ગેરંટી ચાલે છે'**

વધુમાં કહ્યું કે, ગેરંટીની વાત આવે એટલે એકમાત્ર મોદી સાહેબની ગેરંટી ચાલે છે. તમામ માટે ગેરંટર રૂપ બની નરેન્દ્ર મોદીએ ૩૦ લાખ કરતા વધારેની લોન અપાવી છે. આજે નાના-નાના માણસો રાત્રે શાંતિથી સુઈ શકે છે. દુનિયાની સૌથી મોટી યોજના આયુષ્યમાન યોજના ગેરંટી કાર્ડ આપ્યું છે. ગુજરાતમાં ૧૦ લાખ સુધીની વ્યવસ્થા કરી છે. ૧૦ વર્ષના શાસનમાં નરેન્દ્ર મોદી બહુ મોટો બદલાવ લાવ્યા છે.

૪ કરોડ નાના માણસોના ઘર બનાવ્યા છે. આજે વંદે ભારત ટ્રેન આવી છે, તેમાં બેસીએ તો ફોરેનને ભૂલી જઈએ. આજે લોકો ટેક્સ ભરતા થયા છે. જે બધાજ રૂપિયા વિકાસના કામ માટે ઉપયોગ થાય છે. ત્રીજી ટર્મમાં ઘરે-ઘરે સૌરા ઉર્જા સહિત વિવિધ સુવિધાઓ ઉભી કરવામાં આવશે. ૨૦૨૪માં ૪૦૦ પાર સાથે અમારા ઉમેદવારને દિલ્હી મોકલશો એવી આશા રાખું છું. આ જાહેર સભા કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પૂર્વ ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા, ગોવર્ધન ઝડફિયા, રંજનબેન ભટ્ટ, વિધાનસભાના દંડક બાલકૃષ્ણ શુક્લ, શહેર ભાજપ અધ્યક્ષ ડો. વિજય શાહ સહિત ધારાસભ્યો, મહામંત્રીઓ અને કોર્પોરેટર સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને જનમેદની ઉમટી હતી.

**બપોરના સમયે પોલીસે કેટલાકને ડિટેઇન કર્યા**

વડોદરાના સુભાનપુરા વિસ્તારમાં આવેલા ઝાંસી કી રાની સર્કલ ખાતે રાજ્યના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલની જાહેર સભાને લઈ પોલીસ તંત્ર દ્વારા સઘન બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. લોકસભા ચૂંટણીમાં રાજકોટ ભાજપના ઉમેદવારના વિરોધને લઈ જાહેર સભામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે વડોદરા શહેર પોલીસ દ્વારા ક્ષત્રિય સમાજના કેટલાક આગેવાનોની વિવિધ પોલીસ મથકમાં લઈ જવામાં આવ્યા હતાં.

આ અંગે લક્ષ્મીપુરા એમ ડી ચૌધરીએ જણાવ્યું હતું કે, અમે કોંગ્રેસના કાર્યકર્તા તરીકે નહીં, પરંતુ અમને બંદોબસ્તમાં અજુગતું લાગતા ક્ષત્રિય સમાજના કેટલાક કાર્યકર્તાઓને ડિટેઇન કર્યા છે અને હાલમાં અમારા સૂચન મુજબ તેઓને અહીંયા લાવવામાં આવે છે. સાથે ગોરવા ડ્ઈ કે એન લાઠીયાએ જણાવ્યું હતું કે, અહીંયા ૧૦ જેટલા કાર્યકર્તાઓને અમે ડિટેઇન કર્યા હતા.

# રાજકોટમાં 'પાસા'માં ધકેલતા પૂર્વે પગ ભાંગતા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો


રાજકોટ, તા. ૨૧: રાજકોટના ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ગત રાત્રે એક અકસ્માતની ઘટના સામે આવી હતી. જેમાં પોલીસ મથકની ગેલેરીમાંથી આરોપી પટકાયો હતો. ઓસમાણ ઈશાકભાઈ ખેભર નામના આરોપીને 'પાસા'માં ધકેલતા પૂર્વે તેનો પગ ભાંગતા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં હાલ તેની સારવાર કરવામાં આવી રહી છે. આ આરોપી વિરુદ્ધ લૂંટ અને મારામારીનો ગુનો નોંધાયો હતો. તેને 'પાસા' અંતર્ગત ખસેડવાની કાર્યવાહી ચાલુ હતી, ત્યારે થૂંકવા જતા ગેલેરીમાંથી નીચે ખાબક્યો હોવાનું સામે આવ્યું છે.

પોલીસના જણાવ્યા અનુસાર દૂધસાગર રોડ ઉપર હાઉસિંગ બોર્ડ ક્વાટરમાં રહેતા ૩૭ વર્ષીય લાઇનબોય ઓસમાણ ઈશાકભાઈ ખેભરને ગત રાત્રે ભક્તિનગર પોલીસ સ્ટેશનના પહેલા માળેથી પટકાતા ઈજા થતા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. બનાવ અંગે તપાસ કરતા ચારેક માસ પૂર્વે લૂંટ અને મારામારીની ફરિયાદ નોંધાઈ હોય તેની ધરપકડ કરવામાં આવી હતી. જોકે તેના વિરુદ્ધ પાસા વોરંટ ઇસ્યુ કરતા મહેસાણા જેલમાં ધકેલવાનો હોય તેને પોલીસ સ્ટેશને લાવી ડી સ્ટાફ રૂમમાં કાર્યવાહી કરવામાં આવી રહી હતી.

આ દરમિયાન ઓસમાણ ખેભર થૂંકવા માટે ગેલેરીમાં ગયો હતો. જ્યાં કોઈ કારણોસર બેલેન્સ ગુમાવતા તે ધડાકાભેર નીચે પટકાયો હતો. ઘટનાને પગલે રાત્રીના સમયે ફરજ પર તૈનાત પોલીસ સ્ટાફ દોડી ગયો હતો અને ૧૦૮ મારફત તાત્કાલિક ઓસમાણને રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

# સુરત બેઠક પરથી કોંગ્રેસને લાગ્યો મોટો ઝટકો, નિલેશ કુંભાણીનું ફોર્મ રદ કરાયું

■ **ચારેય ટેકેદારોએ ભાજપના જ નેતા પાસે એફિડેવિટ કરાવ્યું હતુંઃ ત્રણ સમર્થકોની સહી અને વીડિયો ફૂટેજની તપાસના આધારે કુંભાણીનું ફોર્મ રદ, પડદા પાછળ ભાજપે ખેલ પાડ્યો?**



સુરત, તા. ૨૧ઃ સુરત લોકસભા સીટના કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ઉમેદવારી ફોર્મ રદ થઈ ગયું છે. ૨૪ કલાક સુધી ચાલેલા આ રાજકીય ડ્રામામાં હવે નવા વળાંકો આવવા લાગ્યા છે. કુંભાણીના ફોર્મમાં ત્રણેય ટેકેદારની સહી અને ડમી ઉમેદવારના ટેકેદારની સહીઓ ખોટી હોવાની ફરિયાદ ભાજપના ચૂંટણી એજન્ટ દિનેશ જોધાણીએ ચૂંટણી અધિકારી સમક્ષ કરી હતી અને ત્યારબાદ તમામ ટેકેદારોએ પણ પોતાની સહીઓ ખોટી હોવાનું સોગંદનામું ચૂંટણી અધિકારીને આપ્યું હતુ. આ પછી ચૂંટણી અધિકારીએ નિલેશ કુંભાણીને શો-કોઝ આપી તેમનું ફોર્મ રદ કેમ ન કરવું તે અંગે નોટિસ આપી હતી. ત્યાર બાદ ચૂંટણી અધિકારીએ રવિવારે સવારે નવ વાગ્યે હિયરીંગ રાખ્યું હતું. આ હિયરીંગ પછી નિલેશ કુંભાણીનું ફોર્મ રદ કરવામાં આવ્યું હતું.

નિલેશ કુંભાણીના ફોર્મ પર થયેલી સુનાવણી બાદ કોંગ્રેસના વકીલ બાબુ માંગુકિયાએ જણાવ્યું હતું કે, અમારા નોમિનેશન પેપરને કોઈએ ચેક કર્યું જ નથી તો લોકોને ખબર કેવી રીતે પડી કે આ અમારા ટેકેદાર છે?. ધારો કે અમારા ચાર ટેકેદારો છે એને ખબર પડે તો ચારેયનો સ્ટેમ્પ પેપર એક જ જગ્યાએ એક જ સિરિયલ નંબરમાં એક જ વ્યક્તિ કરી દે છે. એક જ નોટરી સમક્ષ ચારેય ચાર સોગંદનામાં થયાં છે. એક જ પ્રિન્ટર ઉપર આ ચારેય ચાર એક પ્રકારના લખાણમાં નામ ચેન્જ સિવાયના તમામ કોમ્પ્યુટર કોપી છે. ... બતાવે છે કે આ એક સ્પોન્સર્ડ ગેમ છે, કાવતરું છે.

બાબુ માંગુકિયાએ આક્ષેપ કર્યો છે કે, ચારેય ટેકેદારોએ એક જ નોટરી પાસે સોગંદનામું કરાવ્યું હતું. આ ચારેય ટેકેદારોએ જેની પાસે સોગંદનામું કરાવ્યું હતું તે અંગે દિવ્ય ભાસ્કરે તપાસ કરી હતી. જેમાં કિરણ ઘોઘારી નામના વકીલ પાસે સોગંદનામું કરાવ્યું હોવાની વાત સામે આવી છે. કિરણકુમાર ઘોઘારી સુરત શહેર ભાજપનાં સક્રિય અગ્રણી છે અને અગાઉ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ભાજપ વતી સેનેટ અને સિન્ડીકેટ સભ્ય પદે પણ રહી ચૂક્યા છે.આમ,કોંગ્રેસનાં ઉમેદવારનું ફોર્મ અમાન્ય ઠેરવવામાં લોકરોષનો સામનો કરી રહેલો ભાજપ શંકાના દાયરામાં આવી ગયો છે.

સુરત કલેક્ટર અને ચૂંટણી અધિકારી સૌરભ પારધીએ ત્રણ ટેકેદારોની સહીની કરેલી તપાસના આધારે નિલેશ કુંભાણીનું ઉમેદવારી ફોર્મ રદ કર્યું હતું.

ઉમેદવારી પત્ર નં- 007/HP/2024/ROમાં દરખાસ્ત મુકનાર રમેશભાઇ બાવચંદભાઈ પોલરા દ્વારા ૨૦ એપ્રિલ ૨૦૨૪ના રોજ અમારી સમક્ષ રૂબરૂમાં હાજર રહી સોગંદનામું રજુ કરી જણાવ્યું છે કે તેમના દ્વારા કુંભાણી નિલેશભાઈ મનસુબભાઈના ટેકેદાર દરખાસ્ત મુકનાર તરીકે સહી કરેલી નથી. વધુમાં ઉમેદવારી પત્ર નં- 007/HP/2024/ROમાં દરખાસ્ત મુકનાર રમેશભાઇ બાવચંદભાઈ પોલરાની ઉમેદવાર પત્રની સહી તથા રમેશભાઈ બાવચંદભાઈ પોલરા દ્વારા ૨૦ એપ્રિલ ૨૦૨૦૪ના રોજ અમારી સમક્ષ રૂબરૂમાં હાજર રહી રજુ કરેલા સોગંદનામાની સહી તથા સબરજીસ્ટ્રાર કચેરી બારડોલી ખાતે રમેશભાઈ બાવચંદભાઈ પોલરાના નામે નોંધાયેલા વેચાણ દસ્તાવેજમાં દરખાસ્ત મુકનારની સહીઓની ચકાસણી કરતા પ્રાથમિક દ્રષ્ટીએ વિસંગતતા જણાય છે.

ઉમેદવારી પત્ર નં- 008/HP/2024/ROમાં દરખાસ્ત મુકનાર જગદીશભાઈ નાનજીભાઈ સાવલીયા દ્વારા ૨૦ એપ્રિલ ૨૦૨૪ના રોજ અમારી સમક્ષ રૂબરૂમાં હાજર રહી સોગંદનામું રજૂ કરી જણાવ્યું છે કે તેમના દ્વારા કુંભાણી નિલેશભાઈ મનસુખભાઈના ટેકેદાર/દરખાસ્ત મુકનાર તરીકે સહી કરેલ નથી. વધુમાં ઉમેદવારી પત્ર નં- ૦૦૮/ઇંડ/૨૦૨૪/છ્યમાં દરખાસ્ત મુકનાર જગદીશભાઈ નાનજીભાઈ સાવલીયાની ઉમેદવાર પત્રની સહી તથા જગદીશભાઈ નાનજીભાઈ સાવલીયા ૨૦ એપ્રિલ, ૨૦૨૪ના રોજ અમારી સમક્ષ રૂબરૂમાં હાજર રહી રજૂ કરેલા સોગંદનામાની સહી તથા જગદીશભાઈ નાનજીભાઈ સાવલીયાના ડ્રાઈવિંગ લાયસન્સના ઉતારામાં દરખાસ્ત મુકનારની સહીઓની ચકસણી કરતાં પ્રાથમિક દ્રષ્ટીએ વિસંગતતા જણાય છે.

ઉમેદવારી પત્ર નં- 009/HP/2024/ROમાં દરખાસ્ત મુકનાર ધ્રુવિન ધીરૂભાઈ ધામેલિયા દ્વારા તા.૨૦ એપ્રિલ ૨૦૨૪ના રોજ અમારી સમક્ષ રૂબરૂમાં હાજર રહી સોગંદનામું રજૂ કરી જણાવેલ કે તેમના દ્વારા કુંભાણી નિલેશભાઈ મનસુખભાઈના ટેકેદાર/દરખાસ્ત મુકનાર તરીકે સહી કરેલી નથી. વધુમાં ઉમેદવારી પત્ર નં- 009/HP/2024/ROમાં દરખાસ્ત મુકનાર ધ્રુવિન ધીરુભાઈ ધામેલિયાની ઉમેદવાર પત્રની સહી તથા ધ્રુવિન ધીરુભાઈ ધામેલિયા દ્વારા ૨૦ એપ્રિલ, ૨૦૨૪ના રોજ અમારી સમક્ષ રૂબરૂમાં હાજર રહી રજુ કરેલ સોગંદનામાની સહી તથા ધ્રુવિન ધીરુભાઈ ધામેલિયાના પાનકાર્ડમાં દરખાસ્ત મુકનારની સહીઓની ચકાસણી કરતા પ્રાથમિક દષ્ટીએ વિસંગતતા જણાય છે.

**વીડિયો ફૂટેજમાં પણ દરખાસ્ત કરનારની હાજર જોવા મળી નહીં**

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૫/૦)માં નિર્દિષ્ટ સંક્ષિપ્ત તપાસના ભાગરૂપે ચૂંટણી અધિકારીથી સમક્ષ રજુ થયેલા સોગંદનામા તેમજ અનુસાંગિક પુરાવાના આધારે દરખાસ્ત મૂકનારા ખાતરી કરી કોઈ પણ ધાક ધમકી કે દબાણ કરેલ નથી તે બાબતની પણ ચકાસણી કરવામાં આવી હતી. આ ઉપરાંત ઉમેદવારના વકીલ બાબુભાઈ માંગુકિયાની મૌખિક રજૂઆતના અનુસંધાને ઉમેદવાર દ્વારા જ્યારે ચૂંટણી અધિકારી સમક્ષ ઉમદેવારી પત્ર રજૂ કરવામાં આવ્યું ત્યારે વીડિયોગ્રાફી ફૂટેજમાં દરખાસ્ત કરનારની હાજરી જણાતી નથી. જેની ચકાસણી કરવામાં આવી હતી.

ઉપરોક્ત વિગતે લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૬(૨)(ગ)ની જોગવાઈ મુજબ લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત ૨૪-સુરત સંસદીય મતદાર વિભાગમાં રજૂ થયેલી કુંભાણી નિલેશ મનસુખભાઈના ઉમેદવારી પત્રો નં-1 0 0 7 / h p / 2 0 2 4 / R O 008/HP/2024/RO તથા 009/HP/2024/RO અમાન્ય કરવા હુકમ કરવામાં આવે છે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.22/4/2024 | MONDAY 09

# રાજયનાં ગૃહમંત્રીની રાજકોટમાં બંધ બારણે બેઠક




■ **ભાજપના ક્ષત્રિય સમાજના આગેવાનોને સમાજમાં જઈ લોકસભા ચૂંટણીમાં ભાજપને સહયોગ આપવા સૂચન કરવા અપીલ કરી**

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા. ૨૧: રાજકોટ લોકસભા બેઠક પરના ભાજપના ઉમેદવાર પુરૂષોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલા વિવાદિત નિવેદન બાદ રાજકોટથી શરૂ થયેલા ક્ષત્રિય સમાજના આંદોલને રાજ્યમાં ઉગ્ર રૂપ ધારણ કર્યુ છે. રૂપાલાએ બે વખત ક્ષત્રિય સમાજની માફી માગી લીધા બાદ પણ પ્રદેશ ભાજપ દ્વારા ડેમેજ કંટ્રોલ કરવા માટે અનેક પ્રયત્નો કરવામાં આવ્યા હતા. જોકે, હજુ સુધી ડેમેજ કંટ્રોલ થઈ શક્યું નથી અને ક્ષત્રિય સમાજનું આંદોલન દિન-પ્રતિદિન ઉગ્ર રૂપ ધારણ કરી રહ્યું છે. આજે ગુજરાતના ગૃહમંત્રી હર્ષ સંઘવી અને પ્રદેશ ભાજપના પ્રભારી રત્નાકર અચાનક રાજકોટ દોડી આવ્યા હતા અને ક્ષત્રિય સમાજના ભાજપના આગેવાનો સાથે બંધ બારણે બેઠક કરી હતી. જેમાં તેઓએ ક્ષત્રિય સમાજના ભાજપના આગેવાનોને સમાજ વચ્ચે જઈ લોકસભા ચૂંટણીમાં ભાજપ તરફી મતદાન કરવાનુ સૂચન કરવા અપીલ કરી હતી.

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરૂષોતમ રૂપાલાએ રાજા-રજવાડાઓએ રોટી-બેટીના વ્યવહારો કર્યા તે પ્રકારનું નિવેદન કરતા સમગ્ર ક્ષત્રિય સમાજમાં ભારે ફેલાયો હતો. રાજ્યનાં અલગ-અલગ સ્ટેટના રાજવીઓ તેમજ ક્ષત્રિય સમાજના આગેવાનોએ રૂપાલાના નિવેદનને વખોડ્યું હતું. જેથી, સૌપ્રથમ રૂપાલાએ વીડિયો જાહેર કરી ક્ષત્રિય સમાજની માફી માગી હતી. ત્યારબાદ ગોંડલના શેમડામાં જયરાજસિંહની આગેવાનીમાં ક્ષત્રિય સમાજનું સંમેલન મળ્યું હતું, જેમાં જાહેર મંચ પરથી પુરૂષોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજની માફી માગી હતી. જોકે, તે બાદ પણ ક્ષત્રિય સમાજનો વિરોધ દિન-પ્રતિદિન વધતો ગયો. રૂપાલાની ટિકિટ રદ કરવા માટેનુ આંદોલન પાર્ટ-૧ પૂર્ણ થઈ ગયું છે અને પાર્ટ-૨ શરૂ થઈ ગયું છે. આ દરમિયાન રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી આજે બપોરે અચાનક રાજકોટ દોડી આવ્યા હતા.

**ક્ષત્રિય સમાજના ભાજપના આગેવાનોને સમાજ વચ્ચે જવા સમજાવ્યું**

રાજકોટના કાલાવડ રોડ પર આવેલી ખાનગી હોટેલમાં ગૃહમંત્રીની સાથે પ્રદેશ ભાજપના પ્રભારી રત્નાકર તેમજ ક્ષત્રિય સમાજના ભાજપના આગેવાનો જેવા કે, વાંકાનેરના રાજ્યસભાના સભ્ય કેસરીદેવસિંહ ઝાલા, ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ ઝાલા ઉપરાંત ભાજપ પક્ષના રાજકોટ શહેરના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે સૂત્રોમાંથી જાણવા મળતી વિગતો મુજબ ગૃહમંત્રી હર્ષ સંઘવી દ્વારા ક્ષત્રિય સમાજના ભાજપના આગેવાનોને સૂચન કરવામાં આવ્યું હતું કે, તેઓ પોતાના સમાજથી અળગા રહેવાની બદલે સમાજ વચ્ચે જાય, ક્ષત્રિય સમાજના લોકોને સમજાવે કે પુરૂષોતમ રૂપાલા દ્વારા થયેલા નિવેદન બાદ તેમના દ્વારા ૨ વખત માફી માગી લેવામાં આવી છે. જેથી, તેઓને માફી આપવામાં આવે અને આ ઉપરાંત ક્ષત્રિય સમાજ વર્ષોથી ભાજપ સાથે જોડાયેલો છે, જેથી રાષ્ટ્રના વિકાસના હિતમાં ભાજપને સહયોગ આપે તે પ્રકારની અપીલ કરી હતી. આ સાથે જ તેમણે સામાજિક સમરસતા જાળવવા પણ કહ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરૂષોતમ રૂપાલાના નિવેદન બાદ ક્ષત્રિય સમાજ દ્વારા રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગણી સાથે ક્ષત્રિય સમાજ તરફથી આંદોલન કરતી સમિતિ દ્વારા પાર્ટ-૧ શરૂ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત તમામ જિલ્લાઓમાં મહાસંમેલનો મળ્યા પરંતુ, ત્યારબાદ પણ રૂપાલાની ટિકિટ ભાજપ દ્વારા રદ કરવામાં ન આવી અને રૂપાલાએ ભાજપના ઉમેદવાર તરીકે ફોર્મ ભરી દીધું. જેથી, ક્ષત્રિય સમાજનું આંદોલન પાર્ટ-૨ શરૂ થયું છે, જેમાં જિલ્લા અને તાલુકા કક્ષાએ ક્ષત્રિય સમાજ જશે અને ભાજપ વિરોધી મતદાન કરવા માટે લડત ચલાવશે એવું જાણવા મળી રહ્યું છે. આ સમયે ગૃહમંત્રીની રાજકોટમાં ક્ષત્રિય સમાજના ભાજપના આગેવાનો સાથેની બંધ બારણે બેઠક ખૂબ જ મહત્વપૂર્ણ હોવાનુ માનવામાં આવી રહ્યું છે.

# રાજકોટ ડિવિઝનથી ચાલતી ઓખા-પુરી-ઓખા સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનોને ડાયવર્ટ કરાઈ



રાજકોટ, તા. ૨૧: રાજકોટ ડિવિઝનથી ચાલતી ઓખા-પુરી-ઓખા સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનો ડાયવર્ટ કરવામાં આવી છે. દક્ષિણ મધ્ય રેલવેના સિકંદરાબાદ ડિવિઝન ખાતેનાં કાઝીપેટ-વિજયવાડા સેક્શનમાં નોન ઇન્ટરલોકિંગ કામ ચાલી રહ્યું છે. આ કારણે ઓખા-પુરી-ઓખા એક્સપ્રેસ ટ્રેનો ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે. આ સહિત અન્ય તમામ ટ્રેનોના સ્ટોપેજ, રચના, રૂટ અને સમય વિશેની વિગતવાર માહિતી માટે રેલવેની વેબસાઇટ પર મુલાકાત લેવા જણાવાયું છે.

૧) ૧, ૮ અને ૧૫ મેના રોજ ઓખાથી ચાલતી ટ્રેન નં. ૨૦૮૨૦ ઓખા-પુરી એક્સપ્રેસ ટ્રેન તેના નિર્ધારિત માર્ગ વર્ધા-બલ્હારશાહ-વિજયવાડા-વિશાખાપટ્ટનમ-ખુર્દા રોડના સ્થાને તેના ડાયર્વટ કરાયેલ માર્ગ વાયા વર્ધા-નાગપુર-રાયપુર-ટિટલાગઢ-રાયગઢ-વિજયનગરમ-ખુર્દા રોડના માર્ગ પર દોડશે. આ ટ્રેન ચંદ્રપુર-બલ્હારશાહ-સિરપુર કાગઝનગર-મંચિર્યાલ-રામગુંડમ-વારંગલ-વિજયવાડા-એલુરુ-રાજામુંદ્રી-સામલકોટ-અનકાપલ્લી-વિશાખાપટ્ટનમ સ્ટેશનો પર જશે નહીં. ૨) ૨૮ એપ્રિલ, ૫ અને ૧૯ મેના રોજ પુરીથી ચાલતી ટ્રેન નં. ૨૦૮૧૯ પુરી-ઓખા એક્સપ્રેસ ટ્રેન નિર્ધારિત માર્ગ ખુર્દા રોડ-વિશાખાપટ્ટનમ-વિજયવાડા-બલ્હારશાહ-વર્ધાના સ્થાને તેના ડાયવર્ટ કરાયેલ માર્ગ વાયા ખુર્દા રોડ-વિજયનગરમ-રાયગઢ-ટિટિલાગઢ-રાયપુર-નાગપુર-વર્ધાના માર્ગ પર દોડશે. આ ટ્રેન વિશાખાપટ્ટનમ-અનકાપલ્લી-સામલકોટ-રાજમંડ્રી-એલુરુ-વિજયવાડા-વારંગલ-રામગુંડમ-મંચિર્યાલ-સિરપુરકાગઝનગર-બલ્હારશાહ-ચંદ્રપુર સ્ટેશનો પર જશે નહીં.

# રાજકોટમાં UPSCમાં ૧,૦૬૪ ઉમેદવારોની પરીક્ષા

■ **નેવેલ એકેડેમી, કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસ પરીક્ષામાં ડિજિટલ વોચ-પાઉચ લઈ જવા પર પાબંધી, કડક પોલીસ બંદોબસ્ત ગોઠવાયો**

રાજકોટ, તા. ૨૧: UPSC દ્વારા આજે દેશભરમાં નેવેલ એકેડેમી અને કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં આજે રાજકોટ શહેરમાં ૪ પરીક્ષા કેન્દ્ર પરથી પરીક્ષાનો પ્રારંભ થયો હતો. આ તકે પરીક્ષાર્થીઓને ડિજિટલ વોચ અને પાઉચ લઈ જવા પર પાબંદી ફરમાવવામાં આવી હતી. ત્યારે કોઈપણ વિદ્યાર્થીઓ ગેરરીતિ આચરી ન શકે તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. રાજકોટ ઉપરાંત અન્ય જિલ્લામાંથી પણ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપવા માટે આવ્યા હતા.

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન, નવી દિલ્હી દ્વારા તા.૨૧ એપ્રિલના રવિવારના



રોજ નેશનલ ડિફેન્સ એકેડેમી, નેવેલ એકેડેમી પરીક્ષા ૨૦૨૪ અને કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસ પરીક્ષા ૨૦૨૪નો પ્રારંભ થયો હતો. આ પરીક્ષા માટે ગુજરાત રાજ્યમાં રાજકોટ ખાતે ૪ પરીક્ષા કેન્દ્ર નક્કી કરવામાં આવ્યા છે. જેમાં કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસની પરીક્ષા સદગુરુ મહિલા કોલેજમાં હતી. જેમાં ૪૦૭ ઉમેદવારો પરીક્ષા આપી રહ્યા છે. જેમાં ત્રણ પેપર છે. ૯ થી ૧૧, ૧૨ થી ૨ અને ૩ થી ૫ વાગ્યા સુધી ૩ પેપર લેવામાં આવશે. જ્યારે નેશનલ ડિફેન્સ એકેડેમી, નેવેલ એકેડેમીની પરીક્ષા ૩ કેન્દ્રો પરથી લેવામાં આવી રહી છે. જેમાં આઈ. પી. મિશન, જસાણી કોલેજ અને જી. ટી. શેઠ સ્કૂલ એમ ૩ કેન્દ્રો છે. જેમાં ૬૫૭ ઉમેદવારો પરીક્ષા આપી રહ્યા છે. જેમાં ૧૦ થી ૧૨.૩૦ અને ૨ થી ૪.૩૦ એમ ૨ પેપર લેવામાં આવશે. આ પરીક્ષા સંબંધે જિલ્લા પુરવઠા કચેરી, રાજકોટ ખાતે પરીક્ષાના દિવસ દરમિયાન કંટ્રોલરૂમ ફોન નં. ૦૨૮૧ - ૨૪૭૬૮૯૧ ઉપર કાર્યરત રહેશે. પરીક્ષાના દિવસે પરીક્ષા કેન્દ્ર પર પેપર શરૂ થવાના ૩૦ મિનીટ પહેલાં ઉમેદવારો માટે પ્રવેશ બંધ કરવામાં આવ્યો હતો. ઈ-એડમીટ કાર્ડ વગર કોઈ પણ ઉમેદવારને પ્રવેશ આપવામાં આવ્યો ન હતો.

આ ઉપરાંત મોબાઈલ ફોન, અન્ય ઈલેક્ટ્રોનિક્સ ગેજેટ્સ, સ્માર્ટ/ડિજીટલ વોચ, બુક્સ, બેગ્સ, કોઈ કિંમતી વસ્તુઓ વગેરે સાથે પરીક્ષા સ્થળની અંદર પ્રવેશ પ્રતિબંધિત કરવામાં આવ્યો હતો. આ વસ્તુઓ કેન્દ્રની બહાર રાખવા માટે ઉમેદવારે પોતાની જવાબદારીએ જાતે વ્યવસ્થા કરવી પડી હતી. ઉમેદવાર પરીક્ષા કેન્દ્રની અંદર ફક્ત ઈ-એડમીટ કાર્ડ, પેન, પેન્સીલ, આઈડેન્ટીટી પ્રૂફ અને ફોટો લઈ જઈ શક્યો હતો. રાજકોટ ઉપરાંત જૂનાગઢ સહિતનાં જિલ્લામાંથી ઉમેદવારો પરીક્ષા આપવા માટે પહોંચ્યા હતા.

# મોરબીમાં કરણી સેના દ્વારા ક્ષત્રિય મહાસંમેલન યોજાયું

■ **માત્ર રાજકોટ જ નહિ ભાજપને ગુજરાતની ૨૬ બેઠકો પરથી હરાવીશું'**

મોરબી, તા. ૨૧: રાજકોટ બેઠક પરથી ભાજપ ઉમેદવાર પુરૂષોત્તમ રૂપાલાએ રાજપૂત સમાજની દીકરીઓ વિશે કરેલી ટીપ્પણીથી સમગ્ર સમાજ નારાજ છે અને ટિકિટ રદ કરવાની એકસૂરે માગ કરવા છતાં પુરૂષોત્તમ રૂપાલાએ ફોર્મ ભરી દીધું છે. ત્યારે આજે મોરબીના મધુપુર મેલડી માતાજી મંદિર ખાતે શ્રી રાજપૂત કરણી સેના દ્વારા ક્ષત્રિય મહાસંમેલન બોલાવવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં રાજપૂતો એકત્ર થયા હતા.

મોરબીના નાગડાવાસ નજીક આવેલા મધુપુર મેલડી માતાજી મંદિર ખાતે ક્ષત્રિય મહાસંમેલન યોજાયું હતું. જેમાં શ્રી રાજપૂત કરણી સેનાના આગેવાનો ઉપરાંત રાજપૂત સમાજની સંસ્થાના હોદ્દેદારો અને રાજપૂત યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. જે સંમેલન





મામલે કરણી સેના પ્રમુખ જયદેવસિંહ જાડેજાએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ટિકિટ રદ કરવા માગ હતી જે સ્વીકારવામાં આવી નથી. એક વ્યક્તિ માટે ભાજપ આખા સમાજને બાકાત કરે છે અને ટિકિટ રદ કરી નથી. જેથી રાજપૂત સમાજ ભાજપને તમામ ૨૬ બેઠક પર હરાવશે. સમાજનો મત એ જ શસ્ત્ર છે. રાજપૂત સમાજ તો વિરોધ કરે છે અન્ય સમાજને પણ સાથે જોડવામાં આવશે અને આ તાનાશાહી સરકારને હરાવવા લડત આપશું. વિરોધ કરવો તે નાગરિકોનો અધિકાર છે છતાં ભાજપ સાકાર વિરોધ કર્યા પૂર્વે જ ધરપકડ કરે, નજરકેદ કરી અવાજ દબાવવા પ્રયાસ કરે છે પરંતુ સમાજ હવે જાગી ગયો છે. મોરબી, રાજકોટ ગામે સભા થશે ત્યારે વિરોધ કરવામાં આવશે અને ચૂંટણીમાં રૂપાલા જીતી જાય તો તેવા પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, ગાંધી ચિંધ્યા માર્ગે વિરોધ કરીએ છીએ અને કાયદાકીય લડત આપી રહ્યા છીએ.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# રાજકોટ રેન્જના પાંચ જિલ્લામાં આચારસંહિતા બાદ ૩.૬૪ કરોડનો દારૂ પકડાયો

**રેન્જ આઈજી અશોકકુમાર યાદવના માર્ગદર્શન હેઠળ રાજકોટ ગ્રામ્ય, જામનગર, સુરેન્દ્રનગર, મોરબી અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પોલીસ દ્વારા લોકસભા ચૂંટણી અનુસંધાને આગોતરા આયોજન સાથે કામગીરી કરાઈ: ગેરકાયદેસર હથીયારધારાના ૨૦ કેસ કરવામાં આવેલ, જેમાં ૨૦ હથીયાર તેમજ ૨૮ કારતુસ કબ્જે કરાયા : ૪,૦૫૬ નોનબેલેબલ વોરંટોની બજવણી કરવામાં આવી**

## રેન્જ આઈજી દ્વારા જનતાને અપીલ

રેન્જ આઈજી દ્વારા આગામી લોકસભા ચૂંટણી શાંતિમય રીતે તટસ્થ અને નિષ્પક્ષ રીતે યોજાઇ અને આર્દશ આચારસંહિતાનું અમલીકરણ થાય તે હેતુસર જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે કે, જાહેર જનતાએ કોઇ પણ જાતની ખોટી અફવાઓ ઉપર ધ્યાન આપવુ નહીં. આવી અફવાઓની જાણકારી મળતા તુરંત જ પોલીસને માહિતગાર કરવી. ગેરકાયદેસર કેફી પ્રવાહી, ગેરકાયદેસર હથિયાર તથા ડ્રગ્સ કે જાલીનોટની હેરફેર વિશે કોઇ પણ જાતની માહીતી મળતા તુરંત જ પોલીસને જાણ કરવી. માથાભારે ઈસમો કે અસામાજિક ઈસમો દ્વારા કોઇ પણ જાતનો ભય ફેલાવવાનો પ્રયાસ થાય તો તુરંત જ પોલીસને જાણ કરવી. સોશ્યલ મીડિયા જેવા કે વોટ્સઅપ, ઈન્સટાગ્રામ, ફેસબુક, ટવીટર વિગેરે ઉપર કોઇ પણ જાતની ધાર્મિક લાગણી દુભાય તેવી કોઇ પોસ્ટ, ઓડીયો કે વિડીયો આપના ધ્યાન ઉપર આવે તો તુરંત જ આપની નજીકના સાયબર સેલ, પોલીસ સ્ટેશનમાં અથવા કન્ટ્રોલ રૂમ ખાતે તાત્કાલીક જાણ કરવા અને તમામ મતદારો દ્વારા વધુમાં વધુ મતદાન કરવા અપીલ કરવામાં આવી છે.

## ૪૭,૨૬૫ અસામાજિક તત્વો વિરૂધ્ધ અટકાયતી પગલાં

રાજકોટ રેન્જ હસ્તકના પાંચ જિલ્લાઓમાં ચૂંટણી અનુસંધાને ૪૭,૨૬૫ અટકાયતી પગલાઓ લેવામાં આવેલ છે. જેમાં ૨૨૮ આરોપીઓ ઉપર પાસા દરખાસ્તો તથા ૪૪૯ આરોપીઓ ઉપર હદપારીની દરખાસ્તો મુકેલાનો પણ સમાવેશ થયેલ છે.

## લાયસન્સ વાળા ૮,૦૬૫ હથિયાર કબ્જે લેવાયા

રાજકોટ રેન્જના પાંચ જિલ્લાઓમાં પરવાના વાળા કુલ ૮,૦૮૦ લાયસન્સ વાળા હથીયારો આવેલા છે. જે પૈકી કુલ ૮,૦૬૫ લાયસન્સ વાળા હથીયારો જમા લઇ લેવામાં આવેલ છે.



રાજકોટ, તા.૨૧

રાજકોટ રેન્જના પાંચ જિલ્લામાં આચારસંહિતા બાદ ૩.૬૪ કરોડનો દારૂ પકડી લેવામાં આવ્યો છે. રેન્જ આઈજી અશોકકુમાર યાદવના માર્ગદર્શન હેઠળ રાજકોટ ગ્રામ્ય, જામનગર, સુરેન્દ્રનગર, મોરબી અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પોલીસ દ્વારા લોકસભા ચૂંટણી અનુસંધાને આગોતરા આયોજન સાથે કામગીરી કરાઈ હતી. ભારતીય બનાવટના ઇંગ્લીશ તેમજ દેશી દારૂના મળી કુલ ૩,૧૨૯ કેસો કરવામાં આવ્યા અને આરોપીઓ પાસેથી કુલ રૂ.૩ કરોડ ૬૪ લાખ ૧૪ હજાર ૪૯૧નો ઇંગ્લીશ તથા દેશીદારૂ કબ્જે કરાયો હતો. દારૂ, વાહનો અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.૩ કરોડ ૬૯ લાખ ૦૩ હજાર ૯૦૯નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે. પાંચ જિલ્લામાં ૧૩૩૬૩૧ દરની બોટલો, ૨૪૪૭૨ લીટર દેશી દારૂ પકડાયો હતો.

અટકાયત અંગે જિલ્લા મુજબ થયેલી કામગીરી જોઈએ તો સુરેન્દ્રનગરમાં ૧૫૨૪૫ સામે અટકાયતી પગલા લેવાયા. ૧૨૪ તડીપાર, ૬૦ પાસા અને ૯૭૭ શખ્સની દારૂના ગુનામાં અટકાયત થઈ હતી. મોરબી જિલ્લામાં ૬૧૬૬ અટકાયતી પગલા, ૫૧ તડીપાર, ૨૨ પાસા અને ૫૨૧ દારૂના આરોપીની અટકાયત થઈ હતી. રાજકોટ ગ્રામ્યમાં ૧૩૫૦૮ અટકાયતી પગલા, ૧૫૮ તડીપાર, ૭૦ પાસા, ૧૦૪૨ દારૂના કેસમાં અટકાયત થયેલી. જામનગર જિલ્લામાં ૬૬૯૬ અટકાયતી પગલાં, ૮૬ તડીપાર, ૫૧ પાસા, ૧૦૭૨ દારૂના કેસમાં આરોપીની અટકાયત કરવામાં આવેલી. દેવભુમિ દ્વારકા જિલ્લામાં ૫૬૫૦ અટકાયતી પગલાં, ૩૦ તડીપાર, ૨૫ પાસા અને ૫૮૩ આરોપીની દારૂના ગુનામાં અટકાયત થયેલી. આમ કુલ રેન્જના પાંચ જિલ્લામાં ૪૭૨૬૫ સામે અટકાયતી પગલાં લેવાયા, ૪૪૯ શખ્સને તડીપારની દરખાસ્ત અને ૨૨૮ને પાસાની દરખાસ્ત તેમજ ૪૧૯૫ આરોપીની દારૂના કેસમાં અટકાયત થઈ હતી.

રાજકોટ રેન્જ હસ્તકના પાંચ જિલ્લાઓમાં આચારસંહિતા બાદ ૪,૦૫૬ નોનબેલેબલ વોરંટોની બજવણી કરવામાં આવેલ છે. જે કુલ વોરંટોના ૮૦ ટકા બજવણી કરવામાં આવેલ છે અને બાકી રહેલ વોરંટોની બજવણી પ્રકિયા હાલ પોલીસ દ્વારા કરવામાં આવી રહેલ છે. ઉપરાંત ગેરકાયદેસર હથીયારધારાના ૨૦ કેસો કરવામાં આવેલ છે જેમાં ૨૦ હથીયાર તેમજ ૨૮ કાર્ટીસનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે.

સુરેન્દ્રનગરમાં ૬ હથિયાર અને ૨ કારતુસ, મોરબી જિલ્લામાં ૮ બંદૂક, રાજકોટ ગ્રામ્ય માં ૩ પિસ્તોલ ૬ કારતુસ, જામનગર જિલ્લામાં ૨ હથિયાર, દેવભુમિ દ્વારકા જિલ્લામાં ૧ બંદૂક સાથે આરોપી પકડાયો હતો.નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે ખાસ ઝુંબેશ શરુ કરવામાં આવેલ છે. જે અનુસંધાને ચૂંટણી આચારસંહિતા લાગુ થયા બાદ આજદિન સુધીમાં કુલ ૩૯ નાસતા-ફરતા આરોપીઓને અટક કરવામાં આવેલ છે. ઉપરાંત આદર્શ આચારસંહિતાના અમલીકરણ માટે દરેક જિલ્લા ખાતે કન્ટ્રોલરૂમમાં ઈન્ચાર્જ તરીકે યોગ્ય અધિકારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. કન્ટ્રોલરૂમ ખાતે ઉમેદવારો અને જાહેર જનતા તરફથી કરવામાં આવતી તમામ ચૂંટણીલક્ષી ફરીયાદો ઉપર તાત્કાલીક કાર્યવાહી કરવામાં આવશે અને આ તમામ કન્ટ્રોલરૂમ ઉપર રેન્જ કચેરી ખાતેથી સતત મોનીટરીંગ રાખવામાં આવશે. જિલ્લાઓમાં રહેલા હિસ્ટ્રીશીટરો, એમ.સી.આર., માથાભારે શખ્સો ઉપર પોલીસ દ્વારા સતત વોચ રાખવામાં આવશે અને તમામ ઉપર જરૂરી અટકાયતી પગલા લેવામાં આવશે.

# પૂર્વ કોર્પોરેટરની વાડીમાંથી બાઈક ચોરી કરનાર રીઢો આરોપી વિજય ઉર્ફે વીજુ ચારોલા ઝડપાયો

રાજકોટની નજીક આવેલા ખાંભા ગામે રાજકોટના પૂર્વ કોર્પોરેટર વિજયભાઈ વાંકની વાડીએથી ચોરી થયેલ બાઇકના ગુન્હાનો ભેદ ઉકેલી ચોરાઉ બાઈક સાથે રીઢા આરોપીને રાજકોટ રૂરલ એલસીબીએ દબોચી લીધો હતો. આરોપી વિજય ઉર્ફે વીજુ અમરશી ચારોલા (ઉ.વ.૪૦, રહે. હાલ રાજકોટ ચુનારવાડ ભાણજી બાપાના મંદિર પાસે ભાડાના મકાનમાં મુળ ગોંડલ આશાપુરા ચોકડી ચુનાની ભઠ્ઠી પાસે) સામે અગાઉ રાજકોટ અને જૂનાગઢ મળી ૧૫ જેટલા ચોરીના ગુના નોંધાયેલ છે. લોધિકા પોલીસ મથકે ગત તા.૧૯/૩ના રોજ ગુનો દાખલ થયેલો. જેમાં ફરિયાદી અલ્પેશભાઈ લાખાભાઈ કંટારીયા (ઉ.વ.૨૩, રહે.ખાંભા, તા. લોધિકા, મૂળ કળસાર, તા.મહુવા, જિ. ભાવનગર)એ જણાવેલ કે, બાઈક વાડીએ મકાન બહાર પાર્ક કર્યું હતું. સવારે ઉઠતા બાઈક ક્યાંય જોવા ન મળેલ એટલે લોધિકા પોલીસ મથકે બાઈક ચોરીની ફરિયાદ આપી હતી. આરોપીને પકડવા પોલીસ સક્રિય હતી તે દરમિયાન રાજકોટ રૂરલ એલસીબી ટીમે બાતમીના આધારે એક ગોંડલ આશાપુરા ચોકડી મામાદેવના મંદિર પાસે વોચ ગોઠવી આરોપીને ચોરાઉ બાઈક સાથે દબોચી લીધો હતો.

# ૨૦૨૩-૨૪માં નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૧૮ ટકા વધીને રૂ. ૧૯.૫૮ લાખ કરોડ



## ઈનકમ ટેક્સ અને કોર્પોરેટ ટેક્સનું નેટ કલેક્શન બજેટ અંદાજથી રૂા ૧.૩૫ લાખ કરોડ અને સંશોધિત અંદાજથી રૂ. ૧૩૦૦૦ કરોડ વધુ

નવી દિલ્હીઃ ૩૧ માર્ચ, ૨૦૨૪ના રોજ સમાપ્ત થતાં નાણાકીય વર્ષમાં વાર્ષિક ધોરણે નેટ ડાયરેક્ટ ટેક્સ કલેકશન ૧૭.૭ ટકા વધીને ૧૯.૫૮ લાખ કરોડ રૂપિયા રહ્યું છે જે રિવાઈઝ કરવામાં આવેલા અંદાજ કરતા પણ ઘણું વધારે છે તેમ ટેક્સ ડિપાર્ટમેન્ટે એક નિવેદનમાં જણાવ્યું છે.

ઈનકમ ટેક્સ અને કોર્પોરેટ ટેક્સનું નેટ કલેકશન ૨૦૨૩-૨૪ દરમિયાન બજેટ અંદાજથી ૧.૩૫ લાખ કરોડ રૂપિયા (૭.૪૦ ટકા) અને સંશોધિત અંદાજથી ૧૩૦૦૦ કરોડ રૂપિયા વધારે રહ્યું હતું. આ બંનેનો ડાયરેક્ટ ટેક્સ કલેકશનમાં સૌથી મોટો હિસ્સો હોય છે.

ઉલ્લેખનીય છે કે સરકારે એક ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવેલા વચગાળાના બજેટમાં સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ (એપ્રિલ ૨૦૨૩થી માર્ચ ૨૦૨૪) સુધીના ટેક્સ કલેકશનનો લક્ષ્યાંક વધારીને ૧૯.૪૫ લાખ કરોડ રૂપિયા કર્યો હતો.

જેના કારણે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે કુલ ટેક્સ કલેકશનનો રિવાઈઝ અંદાજ વધીને ૩૪.૩૭ લાખ કરોડ રૂપિયા થયો હતો.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ગ્રોસ ડાયરેક્ટ ટેક્સ કલેકશન (પ્રોવિઝનલ) ૧૮.૪૮ ટકા વધીને ૨૩.૩૭ લાખ કરોડ રૂપિયા થઇ ગયું છે. રિફંડ પછી ચોખ્ખી આવક ૧૭.૭ ટકા વધીને ૧૯.૫૮ લાખ કરોડ રૂપિયા રહી છે.

નેટ ડાયરેક્ટ કલેકશનના આંકડા અર્થતંત્રમાં ઉછાળો તથા વ્યકિતઓ અને કોર્પોરેટની આવકમાં વૃદ્ધિ દર્શાવે છે. સીબીડીટીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૩.૭૯ લાખ કરોડ રૂપિયાનું રિફંડ ચુકવવામાં આવ્યું છે.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ડાયરેક્ટ ટેક્સ કલેકશનના પ્રોવિઝનલ આંકડા દર્શાવે છે કે નેટ કલેકશન ૧૯.૫૮ લાખ કરોડ રૂપિયા રહ્યું છે. ગત નાણાકીય વર્ષમાં આ રકમ ૧૬.૬૪ લાખ કરોડ રૂપિયા હતી.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં ટેક્સ કલેક્શનનો લક્ષ્યાંક ૧૮.૨૩ લાખ કરોડ રૂપિયા રાખવામાં આવ્યો હતો. જો કે ત્યારબાદ આ અંદાજ રિવાઈઝ કરીને ૧૯.૪૫ લાખ કરોડ રૂપિયા કરવામાં આવ્યો હતો.

પ્રોવિઝનલ ડાયરેક્ટ ટેક્સ કલેકશન (રિફંડ સિવાય) બજેટ અંદાજથી ૭.૪૦ ટકા અને સંશોધિત અંદાજથી ૦.૬૭ ટકા વધારે છે.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ડાયરેક્ટ ટેક્સનું રિફંડ પહેલાનું ગ્રોસ કલેકશન (પ્રોવિઝનલ) ૨૩.૩૭ લાખ કરોડ રૂપિયા રહ્યું છે જે ગયા વર્ષની સરખામણીમાં ૧૮.૪૮ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. ગયા વર્ષે આ રકમ ૧૯.૭૨ લાખ કરોડ રૂપિયા હતી.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ગ્રોસ કોર્પોરેટ ટેક્સ કલેક્શન (પ્રોવિઝનલ) ગયા વર્ષની સરખામણીમાં ૧૩.૦૬ ટકા વધીને ૧૧.૩૨ લાખ કરોડ રૂપિયા રહ્યું છે. ગયા વર્ષે આ રકમ ૧૦ લાખ કરોડ રૂપિયા હતી.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં નેટ કોર્પોરેટ ટેક્સ કલેક્શન (પ્રોવિઝનલ) ગયા વર્ષની સરખામણીમાં ૧૦.૨૬ ટકા વધીને ૯.૧૧ લાખ કરોડ રૂપિયા રહ્યું છે.ગયા વર્ષે આ રકમ ૮.૨૬ લાખ કરોડ રૂપિયા હતી.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં સિક્યુરિટીઝ ટ્રાન્ઝેકશન ટેક્સ (પ્રોવિઝનલ) સહિત ગ્રોસ પર્સનલ ઈન્કમ ટેક્સ કલેક્શન ગયા વર્ષની સરખામણીમાં ૨૪.૨૬ ટકા વધીને ૧૨.૦૧ લાખ કરોડ રૂપિયા રહ્યું છે. ગયા વર્ષે આ રકમ ૯.૬૭ લાખ કરોડ રૂપિયા હતી.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં એસટીટી (પ્રોવિઝનલ) સહિત નેટ પર્સનલ ઈન્કમ ટેક્સ કલેક્શન ગયા વર્ષની સરખામણીમાં ૨૫.૨૩ ટકા વધીને ૧૦.૪૪ લાખ કરોડ રૂપિયા રહ્યું છે. ગયા વર્ષે આ રકમ ૮.૩૩ લાખ કરોડ રૂપિયા હતી.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૩.૭૯ લાખ કરોડ રૂપિયાનું રિફન્ડ ચૂકવવામાં આવ્યું છે. જે ગયા વર્ષની સરખામણીમાં ૨૨.૭૪ ટકા વધારે છે. ગયા વર્ષે ૩.૦૯ લાખ કરોડ રૂપિયાનું રિફન્ડ ચૂકવવામાં આવ્યું હતું.

ઈનકમ ટેક્સ અને કોર્પોરેટ ટેક્સનું નેટ કલેકશન ૨૦૨૩-૨૪ દરમિયાન બજેટ અંદાજથી ૧.૩૫ લાખ કરોડ રૂપિયા (૭.૪૦ ટકા) અને સંશોધિત અંદાજથી ૧૩૦૦૦ કરોડ રૂપિયા વધારે રહ્યું હતું. આ બંનેનો ડાયરેક્ટ ટેક્સ કલેક્શનમાં સૌથી મોટો હિસ્સો હોય છે.

ઉલ્લેખનીય છે કે સરકારે એક ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવેલા વચગાળાના બજેટમાં સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ (એપ્રિલ ૨૦૨૩થી માર્ચ ૨૦૨૪) સુધીના ટેક્સ કલેકશનનો લક્ષ્યાંક વધારીને ૧૯.૪૫ લાખ કરોડ રૂપિયા કર્યો હતો. જેના કારણે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે કુલ ટેક્સ કલેકશનનો રિવાઈઝ અંદાજ વધીને ૩૪.૩૭ લાખ કરોડ રૂપિયા થયો હતો.

**ડાયરેક્ટ ટેક્સ કલેકશનના પ્રોવિઝનલ આંકડા દર્શાવે છે કે નેટ કલેકશન ૧૯.૫૮ લાખ કરોડ રૂપિયા રહ્યું છે. ગત નાણાકીય વર્ષમાં આ રકમ ૧૬.૬૪ લાખ કરોડ રૂપિયા હતી**

પધારો... પધારો... પધારો...



# ભુરખીયા દાદાના દર્શને

ધર્મપ્રેમી દર્શનાર્થી ભાઈઓ - બહેનો, વડીલો માતાઓ સૌને
જયશ્રી રામ, જય બજરંગ બલી
જય ભુરખીયા દાદા
દર વર્ષની જેમ આ વર્ષે પણ ભુરખીયા દાદાના દરબારમાં જઈ રહેલા સર્વે પદયાત્રીઓ માટે કેમ્પનું ભવ્યાતિભવ્ય આયોજન કરેલ છે.
આ કેમ્પ અમરેલીથી લાઠી જતા રસ્તામાં ૮ કિ.મી. રોડ ઉપર
B.N.D. ENERGY PVT LTD આવે છે. જ્યાં ગરમા ગરમ સ્પે. પાંઉભાજી, પુલાવ, ગુલાબજાબુ, ઠંડી છાસ, ઠંડા ગોલા, ઠંડી સોડા, ઠંડા તરબુચ ફરસાણ ઈટાલીયન ક્રુજ નો પ્રસાદનો કેમ્પ રાખેલ છે.

**તારીખ : ૨૨-૪-૨૦૨૪, સોમવાર ને**
**સમય :- સાંજે ૭-૦૦ થી ૧૧-૦૦ કલાકે.**
**સ્થળ :- B.N.D. ENERGY PVT LTD,**
**ડો. કલામ સ્કૂલની પાસે, લાઠી રોડ,**

આપને આવકારવા ઉત્સુક
સાગરભાઈ દોશી
અમિતભાઈ પટેલ
મિતેષભાઈ કલ્યાણી
મંગલભાઈ શાહ
હિરેનભાઈ સાકરીયા

લોકેશન જોવા માટે
અહી કલીક કરો



કોઈપણ આકસ્મીક સમયે
એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ
Mo. 9824499575 Mo. 9824391011

પ્રિન્ટ : SK કોમ્પ્યુટર, જસદણ મો. ૯૯૦૪૧ ૧૯૬૯૦

# દુનિયામાં ઝડપથી વધી રહ્યા છે હૃદયને ઝપટમાં લેતા 'સાયલન્સ કિલર'ના કેસો

## સાયલન્ટ કિલર તરીકે ઓળખાતા આ રોગ 'એટ્રિયલ ફિબ્રિલેશન'ના કોઈ લક્ષણો દેખાતા ન હોવાથી તેની ઓળખ બહુ મોડી થાય છે

ડેન્માર્ક તા.૨૦

હૃદયને ઝપટમાં લેતી એક ખતરનાક બીમારી 'એટ્રીયલ ફિબ્રિલેશન'નો સામનો આજે દુનિયાની વસ્તીનો મોટો ભાગ કરી રહી છે. આ બીમારીને 'સાયલન્ટ કિલર' નામ આપવામાં આવ્યું છે. ખરેખર તો આ બીમારીની ઝપટમાં આવ્યા બાદ પણ દર્દીમાં તેના કોઈ લક્ષણો નથી દેખાતા.



સંશોધકોએ સ્વાસ્થ્ય વિશેષજ્ઞોને એલર્ટ કર્યા છે. હૃદયમાં થનારી બીમારી એટ્રિયલ ફિબ્રિલેશન (એએફઆઈબી)થી હૃદયના ધબકારા અનિયમિત થઈ જાય છે. તેની અસર એક ચતુર્થાંશ વયસ્કો પર થાય છે.

શું છે એટ્રિયલ ફિબ્રિલેશનઃ એક સામાન્ય અને સ્વસ્થ હૃદયમાં ઈલેકટ્રીક સિગ્નલ ધબકારાને નિયંત્રીત કરે છે. આ સિગ્નલ સિનોટ્રિયલ (એસએ) નોડમાં પેદા થાય છે.

જેને હંમેશા હૃદયનું પ્રાકૃતિક પેસમેકર કહેવામાં આવે છે. એટ્રિયલ ફિબ્રિલેશનમાં આ ઈલેકટ્રીક સંકેતમાં ગરબડ થઈ જાય છે અને એટ્રિયલ એટલે કે હૃદયનો ઉપરી ભાગ સંકોચાવાના બદલે કાંપવા લાગે છે.

પુરુષોને વધુ ખતરોઃ સંશોધકોના અનુસાર મહિલાઓની તુલનામાં આ બીમારીનો ખતરો પુરુષોને વધુ હોય છે. સારવાર માટે જીવનશૈલીમાં ફેરફાર ધબકારને નિયંત્રણમાં રાખવાના ઉપાય હોય છે. સાથે સાથે બ્લડ કલોટ અને સ્ટ્રોકથી બચવા માટે લોહી પાતળું કરવાની દવા અપાય છે.

હાઈ બ્લડપ્રેસર અને સ્થુળતા કારણ હોઈ શકે છેઃ વિશેષજ્ઞોનું કહેવું છે કે હાઈ બ્લડ પ્રેસર અને સ્થુળતા ધરાવતા લોકોમાં એટ્રિયલ ફિબ્રિલેશન જોવામાં આવ્યું છે.

શરૂઆતમાં બીમારીની ખબર નથી પડતીઃ રૂટીન મેડીકલ તપાસમાં એએફઆઈબીની ખબર પડવી મુશ્કેલ છે તેના માટે ઈસીજી (ઈલેકટ્રોકાર્ડીયોગ્રામ) કે હોલ્ટર મોનીટરીંગ જેવા પરીક્ષણો કરાવવા પડે છે. આ પરીક્ષણ દરમિયાન હૃદયની ગતિવિધિઓને રેકોર્ડ કરવામાં આવે છે. પરિણામે આવા કેસની ઓળખ ત્યારે થાય છે જયારે દર્દીએ ગંભીર પરીસ્થિતિમાંથી પસાર થવું પડે છે.











નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...



**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

## વોટ્સએપ પર

**Hi લખીને મોકલો**

# 98983 17826

અને જોડાઇ જાવ અમારી સાથે...



સુખનું સરનામું હવે બનશે ટાગોર રોડ પર

Book Your Profit Here...

SHUKAN POINT

Shops - Showrooms
Offices - Terrace Offices




91191 95495
ભક્તિનગર સ્ટેશન પ્લોટ મેઈન રોડ, રાજકોટ.

You Deserve The Best

PACIFIC PLAZA

SHOPS I SHOWROOMS
TERRACE OFFICES



નાનામવા મેઈન રોડ, બીઝનેસ ટર્મીનલની બાજુમાં, ભગવતી ડેન્ટલ કલીનીકની સામે, રાજકોટ.

89303 72303
89303 75303

સાધુવાસવાણી રોડ અને પાટીદાર ચોક થી નજીક

Plan your FUTURE with us

WEST VIEW

2 BHK | 3 BHK | 4 BHK

LUXURY APARTMENTS
with
SHOPS - SHOWROOMS



73597 00303 I 76985 00303
પાટીદાર ચોક, સાધુવાસવાણી રોડ, નંદનીકેતનની સામે,
સોપાન હેબિટેટની સામે, રાજકોટ.

@ કોઠારીયા 80 ફૂટ મેઈન રોડ,
80/25 રોડના કોર્નરનો ફુલ્લી કોમર્શિયલ પ્રોજેક્ટ

દુકાનો | શો-રૂમ | ઓફિસ

Ready Possession

SARDAR ARCADE




કોઠારીયા મેઈન રોડ, 80 ફૂટ મેઈન રોડ, સરદાર ચોકથી નજીક, રાજકોટ.

: 99043 48013 I 99043 48014

- 200 sq ft with attached toilet and wash basin 2 nd floor Shop no 24 Road side view
- Atlantis hills Near Ramdevpir chowkdi
- Rent 10000 Advance 2 deposit lift and general toilet available
- 11 months agreement compulsory

**Contact- 9725078721**

**મધુવન કોચિંગ ક્લાસીસ સંભાળી શકે તેવા સ્ટાફની જરૂરીયાત છે.**

રૂબરૂ મળવાનો સમય સોમવારથી મંગળવાર સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૪ થી ૬

ધોરણ ૧૦-૧૨ બાદ યુપીએસસી અને જીપીએસસીના કોચિંગ ક્લાસ સંભાળી શકે તેવાં ઉત્સવાહસ કોચની જરૂર છે. આકર્ષિક પગાર

**Mo.80000 11119**

ADDRESS: B,210 AALP, LIMDA CHOK RAJKOT

**નાગેશ્વરમાં કસમાં પ્લોટ વેચવાનો છે પાણીના સંપની પાછળ 490 વાર 25000 ભાવ**

**Mo.9898317826**

AM TRADING

*લાઈફ ટાઈમ ડિમેટ એકાઉન્ટ ફ્રી


ફ્રી એડવાઈઝરી

EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY

દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ
QR CODE SCAN કરીને જોઈન કરો.

Mayuri Medam : 63555 17630

AM trading   am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062